


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 159
Dt.: 19-02-2026,
Thursday
Page : 04
Rs.00.50 paisa



### નાણામંત્રી કનુ દેસાઈ સતત પાંચમી વખત બજેટ રજૂ કર્યું

# ગુજરાતનું ૪,૦૮,૦૫૩ કરોડનું વિક્રમી બજેટ જાહેર કરવામાં આવ્યું

## ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીની નવી, અવિભાજ્ય કે પ્રતિબંધિત શરતની જમીનો હવે સ્વમેળે જૂની શરતની ગણાશે, ખેડૂતોને પ્રીમિયમ ભરવામાંથી મુક્તિ મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

નાણામંત્રી કનુ દેસાઈએ ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના ત્રીજા દિવસે રાજ્યનું ભાવિ નક્કી કરતું નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ રજૂ કર્યું. નાણામંત્રી કનુ દેસાઈ સતત પાંચમી વખત બજેટ રજૂ કરીને એક નવો વિક્રમ સ્થાપિત કર્યો છે. જેમાં ખાસ કરીને આવાસ યોજના, આંગણવાડી કેન્દ્રો તથા ૫ નવી GIDC બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતનું ૪,૦૮,૦૫૩ કરોડનું વિક્રમી બજેટ જાહેર કરવામાં આવ્યું છે. સરકારનું સર્વગ્રાહી અને સર્વ સમાવેશી અભિગમ અપનાવતું પાંચ સ્તંભ-સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથ પર આધારિત વર્ષ ૨૦૨૬-૨૭નું રૂ.૪ લાખ ૮ હજાર ૫૩ કરોડનું (રૂ.૪,૦૮,૦૫૩ કરોડ) વિક્રમી અંદાજપત્ર રજૂ કરાયું છે. જાહેર પરીવહનમાં નાગરિકોની સલામતી અને સગવડતાને ધ્યાને લઈ આધુનિક ટેકનોલોજી ધરાવતી ૨૪૬૩ જેટલી નવી બસો, જેમાં ૫૦૦ AC ઈલેક્ટ્રીક બસો મૂકવામાં આવશે. તેમજ આદિજાતિ વિસ્તારમાં વસતાં ભાઈ-બહેનો, વિદ્યાર્થીઓ તથા ઔદ્યોગિક વિસ્તારોમાં કામ અર્થે આવતા શ્રમિકો માટે ૫૦૦ મીની બસ મૂકવામાં આવશે. જેના માટે કુલ રૂ.૧૨૮૬ કરોડની જોગવાઈ કરાઈ છે. કચ્છ અને અન્ય વન વિસ્તારમાં ગાંડા બાવળને દૂર કરી તેના સ્થાને બામ્બૂ(વાંસ) સહિત અન્ય સ્થાનિક વૃક્ષોનું વાવેતર કરવા તેમજ કચ્છના બન્ની ઘાંસીયા મેદાનમાં ગ્રાસલેન્ડ રીસ્ટોરેશન માટે રૂ.૯૭ કરોડની જોગવાઈ કરાઈ છે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો, મધ્યમ વર્ગ અને ઉદ્યોગોને ધ્યાનમાં રાખીને તાજેતરમાં મહત્ત્વના નીતિગત નિર્ણયો લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીની નવી, અવિભાજ્ય કે પ્રતિબંધિત શરતની જમીનો હવે સ્વમેળે 'જૂની શરત'ની ગણાશે. આનાથી ખેડૂતોને પ્રીમિયમ ભરવામાંથી મુક્તિ મળશે. કાયદો અને વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા તેમજ માર્ગ સલામતીના પગલા વધારવા રાજ્યની કટોકટી સેવાઓને ડાયલ-૧૧૨ જનરક્ષક પ્રોજેક્ટ હેઠળ આવરી લીધેલ છે. જેથી ઈમરજન્સી રિસ્પોન્સ સમયમાં વધુ ઘટાડો થશે. જેના અસરકારક અમલીકરણ માટે વિવિધ સંવર્ગનું ત્રણ હજાર માનવબળ ઊભુ કરવાનું આયોજન છે. ગુજરાત પોલીસ માટે Data Fusion Centre & Centre of Excellence for AI in Policingની સ્થાપના કરવામાં આવશે. જે તમામ મહત્વપૂર્ણ પોલીસ ડેટાનું સંકલન કરી વિશ્લેષણ કરશે. આ પ્રોજેક્ટ માટે રૂ.૬૦ કરોડની જોગવાઈ.રાજ્યના કાયદો અને વ્યવસ્થા તેમજ પ્રજાજનોની સુરક્ષા માટે સતત ખડેપગે રહેતા પોલીસ કર્મચારીઓ માટે અત્યાધુનિક ટેકનોલોજીથી આગામી પાંચ વર્ષમાં ૨૦૪૪૪ જેટલા રહેણાક મકાનો પૂરા પાડવા માટેનું આયોજન છે. જે માટે આ બજેટમાં રૂ.૧૫૭૧ કરોડની જોગવાઈ કરાઈ છે. નાણામંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું કે ઘર સુધી નિયમિત ગુણવત્તાયુકત પાણી પહોંચાડવું એ અમારી સરકારની પ્રતિબદ્ધતા છે. ૩૨ શહેરી સ્થાનિક સંસ્થાઓના વિસ્તારોમાં પાણી પુરવઠા વ્યવસ્થા મજબૂત બનાવવા મિશન-દૈનિક પાણી પુરવઠો- "જીવન ધારા" અમલમાં મૂકવામાં આવશે. જેના માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ કરું છું. ગુજરાત "ડમ્પ ફ્રી" રાજ્ય બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. જેના ભાગરૂપે ડમ્પ સાઈટ પર સંગ્રહિત ૨૫૩ લાખ મેટ્રીક ટનથી વધુ કચરાને વૈજ્ઞાનિક રીતે દૂર કરેલ છે. તેમજ બાકી રહેતી તમામ સાઈટને ડમ્પ ફ્રી કરી તેનો ઉપયોગ જાહેર હેતુ માટે કરવાનું આયોજન છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ગામ અને તેના પરાઓના જોડાણ તેમજ રસ્તાઓના રખરખાવ તથા કોઝવેના સ્થાને ઊંચા પુલ બનાવવાની કામગીરી કરવામાં આવે છે. જે માટે રૂ.૫૬૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. રાજ્યના અલગ અલગ વિસ્તારોના આશરે ૧૧૫૫ કિ.મી. લંબાઈના રસ્તાઓને 'ગરવી ગુજરાત હાઈ-સ્પીડ કોરિડોર' તરીકે ઘોષિત કર્યા છે. જે રાજ્યના સર્વાંગી વિકાસ, રોજગાર અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દિશામાં મહત્વપૂર્ણ કડી છે. જેના માટે રૂ.૮૦૦ કરોડની જોગવાઈ છે.



નાણામંત્રીએ જણાવ્યું હતું કે ગુજરાત પાસે સફેદ રણના સૌંદર્યથી દરિયાના ઘૂઘવતાં મોજા સુધી, સૂર્યમંદિરથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી, ગીરની ગર્જનાથી સોમનાથ સુધી પ્રકૃતિનું વૈવિધ્ય અને સંસ્કૃતિનો અદ્વિતીય સંગમ છે. ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ફલક પર પ્રસ્થાપિત કરવા વર્ષ ૨૦૨૬ને "ગુજરાત પ્રવાસન વર્ષ" તરીકે ઉજવવાની જાહેરાત કરું છું. વિશ્વના આઈકોનિક પ્રવાસન સ્થળ તરીકે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ઉભરી આવ્યું છે. જેના કારણે પરિવહન, હોસ્પિટાલિટી અને હસ્તકળા જેવા ક્ષેત્રોમાં રોકાણને મોટો વેગ મળ્યો છે. જેણે સ્થાનિક આદિવાસી સમુદાય માટે વિશાળ રોજગારીની તકોનું સર્જન કર્યું છે. આ વિસ્તારની આંતરમાળખાકીય સુવિધાઓ વધારવા માટે રૂ.૨૩૬ કરોડની જોગવાઈ કરું છું.

સમગ્ર ભારતવર્ષની આન, બાન, શાન અને સ્વાભિમાનનું પ્રતિક એટલે સોમનાથ. વારંવાર થયેલા હુમલા છતાં પણ ૧ હજાર વર્ષ પૂર્વેથી સોમનાથ મંદિર લોકોની અતૂટ આસ્થાના કારણે આજે પણ ગર્વભેર અડીખમ ઊભું રહ્યું છે. આ અવસરને વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં શરૂ કરાયેલ "સોમનાથ સ્વાભિમાન પર્વ"ની ઉજવણી સમગ્ર વર્ષ દરમિયાન કરાશે.

ગુજરાતની પવિત્ર ધરા પર હજારો વર્ષ જૂની સિંધુ સંસ્કૃતિના સાક્ષી એવા લોથલ અને ધોળાવીરા વિશ્વભરના પ્રવાસીઓ માટે નવા આકર્ષણના કેન્દ્ર બન્યાં છે. PM મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવા ભારતની પ્રાચીન સંસ્કૃતિની અનુભૂતિ કરાવતું "નેશનલ મેરીટાઈમ હેરીટેજ મ્યુઝિયમ" લોથલ ખાતે નિર્માણ પામી રહ્યું છે. રાજ્યના પ્રવાસન સ્થળો ખાતે એક હજાર ટુરિસ્ટ ગાઈડને તાલીમ આપી તૈયાર કરવાનું આયોજન છે. ઉપરોક્ત આયોજનો માટે કુલ રૂ.૯૫ કરોડની જોગવાઈ. રાજ્યની પરંપરા, મહેમાનગતિ અને ઐતિહાસિક ભવ્યતા સાથે "વેડ ઈન ગુજરાત કેમ્પેઈન દ્વારા ગુજરાતની વેડિંગ ડેસ્ટીનેશન તરીકે આગવી ઓળખ ઊભી કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે પવિત્ર યાત્રાધામ બહુચરાજીના નવનિર્માણ, જૂનાગઢના ગીરનાર ખાતે યોજાતા મહાશિવરાત્રીના મેળામાં અને માઁ નર્મદાની પરિક્રમા માટે આવતા શ્રદ્ધાળુઓની સુવિધા માટે રૂ.૫૫ કરોડની જોગવાઈ સૂચવું છું. સોમનાથ અને શિવરાજપુર બીચ પ્રવાસીઓ માટે વિશ્વસ્તરીય સુવિધાઓ સાથે આકર્ષક પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસી રહ્યાં છે. તેમજ વિસાવડા-પોરબંદર ખાતે સ્થાનિક પ્રવાસનને પ્રોત્સાહન આપવા કુલ રૂ.૬૦ કરોડની જોગવાઈ કરું છું. રાજ્યના પવિત્ર યાત્રાધામ સોમનાથ અને અંબાજી ખાતે આઈકોનિક બસ સ્ટેશન તેમજ અન્ય સ્થળોએ બસ સ્ટેશન બનાવવામાં આવશે અને સોમનાથ મુકામે મલ્ટી મોડેલ ટ્રાન્સપોર્ટ હબના ધોરણે અદ્યતન સુવિધા ધરાવતું બસ પોર્ટનું નિર્માણ કરવામાં આવશે. જેના માટે ૪૪૭ કરોડની ફાળવણી. રાજ્યના વિવિધ જળાશયો અને નહેરોની જળસપાટીનો મહત્તમ ઉપયોગ કરવાના હેતુથી કડાણા ડેમમાં નવતર ફ્લોટિંગ સોલર પ્રોજેક્ટ સ્થાપવાનું આયોજન છે. જેના માટે રૂ.૧૫૦ કરોડની જોગવાઈ.

આત્મનિર્ભર ભારતની પહેલને સાકાર કરવા રાજ્ય પાસે સંગ્રહિત પરંતુ હાલમાં વણવપરાયેલ વિપુલ ખનીજ સંસાધનો અત્યાધુનિક ટેકનોલોજીના ઉપયોગથી મેળવવામાં આવશે. જે પૈકી અંબાજી કોપર પ્રોજેક્ટ ગુજરાતની પ્રથમ ભૂગર્ભ કોપર-લેડ-ઝીંક ખાણ બનશે. જે આયાતની નિર્ભરતા ઘટાડશે. આ માટે રૂ.૬૧૩ કરોડની જોગવાઈ કરાઈ છે. તેમજ અંડરગ્રાઉન્ડ કોલ ગેસિફિકેશન પદ્ધતિથી લિગ્નાઈટમાંથી ગેસનું ઉત્પાદન કરવાનું આયોજન છે. જેનાથી પ્રદૂષણની સમસ્યાઓને હલ કરવામાં મદદ મળશે. જેના માટે રૂ.૩૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે.

નાગરિકોને એક જ ડિજિટલ પ્લેટફોર્મ પરથી સરકારી સેવાઓ ઝડપથી મળશે. જેમાં અલગ અલગ સેવાઓ માટે પૂરા પાડવાના થતાં દસ્તાવેજોનું પુનરાવર્તન ઘટવાથી સમય અને ખર્ચનો બચાવ થશે. જેના માટે રૂ.૧૦૦ કરોડની ફાળવણી. રાજ્યના શહેરી વિસ્તારોમાં હયાત ઓવરહેડ વીજ લાઈનોને અંડરગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતર કરવા "ગુજરાત વાયર-ફ્રી સીટી મિશન" અંતર્ગત રૂ.૫૦૦ કરોડની જોગવાઈ. રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને સંવેદનશીલ સરહદી વિસ્તારમાં ઓવરહેડ લાઈનના માળખાને અત્યાધુનિક એલિવેટેડ કેબલ નેટવર્કમાં રૂપાંતરિત કરવા માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ છે.

નાગરિક સેવાઓને વિશ્વસ્તરીય બનાવવા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ હાલની જોગવાઈમાં લગભગ ૧૭% જેટલો વધારો કરી રૂ.૧૬ હજાર ૧૧૬ કરોડની જોગવાઈ કરાઈ છે. રાહદારીઓની પરિવહન કાર્યક્ષમતામાં સુધારો કરી સુલભ શહેરી ગતિશીલતાને પ્રોત્સાહન આપવા શહેરો અને નગરપાલિકાઓમાં રૂ.૧૦૦ કરોડના ખર્ચે સ્માર્ટ પાર્કીંગ બનાવવાશે. રાજ્યમાં આવેલ મોટા શહેરો પરનું ભારણ ઘટે અને રોજગારીની નવી તકો ખુલે તે હેતુથી મુખ્ય શહેરોની નજીક આધુનિક સુવિધાઓ સાથે પાંચ નવા સેટેલાઈટ ટાઉન વિકસાવવામાં આવશે. જેમાં કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હિરાસરના વિકાસનું આયોજન છે. જેને રીજનલ રેપિડ ટ્રાન્ઝીટ સિસ્ટમથી મોટા શહેરો સાથે જોડવામાં આવશે.આગામી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ના આયોજન માટે અમદાવાદ શહેરને "ઓલિમ્પિક રેડી સીટી" બનાવવામાં આવશે. જેના ભાગરૂપે આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્પોર્ટસ કોમ્પ્લેક્સ અને સ્ટેડિયમ સ્થાપી તેને આધુનિક જાહેર પરિવહન સુવિધાઓ સાથે વિકસાવવામાં આવશે. જેના માટે કુલ રૂ.૧૨૭૮ કરોડની જોગવાઈ કરાઈ છે.

મહિલા સશક્તિકરણને આર્થિક સ્વાવલંબન સાથે જોડવાના દૃઢ સંકલ્પ સાથે રાજ્ય સરકાર દ્વારા 'લખપતિ દીદી' અભિયાનને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

ગ્રામ્ય અને શહેરી બંને વિસ્તારોમાં મહિલાઓ દ્વારા સંચાલિત સ્વ-રોજગાર પ્રવૃત્તિઓને વિસ્તૃત કરવા, નવા વ્યવસાય શરૂ કરવા અને હાલના વ્યવસાયોને સ્કેલ-અપ કરવા રૂ.૪૭ કરોડની જોગવાઈ કરાઈ છે. નમો લક્ષ્મી યોજનાના અસરકારક અમલીકરણથી ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના શાળા પ્રવેશમાં છેલ્લા બે વર્ષમાં નોંધપાત્ર વધારો થયેલ છે. જેના માટે રૂ.૧૨૫૦ કરોડની જોગવાઈ કરાઈ છે. વિધવા બહેનોને આર્થિક રીતે મદદરૂપ થવા માટે DBT માધ્યમથી માસિક સહાય મળી રહે તે માટે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અમલી છે. જેના માટે રૂ.૨૮૪૮ કરોડની જોગવાઈ કરાઈ છે.

## અજિત પવાર પ્લેન ક્રેશનો મામલોઃ ફ્યુલ ટેન્ક આખું ભરવાની ક્યાં જરૂર હતી? : રોહિત પવાર

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના બારામતીમાં અજિત પવારના પ્લેન ક્રેશ મામલે શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્ય રોહિત પવારે ફરી ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે દુર્ઘટનાને ષડયંત્ર ગણાવી કહ્યું છે કે, ઘટનાની તપાસ કરી રહેલી એજન્સીઓ ધીમી ગતિએ કામ કરી રહી છે, જેના કારણે આશંકા વધી રહી છે. તેમણે કેન્દ્ર સરકાર સમક્ષ ડિજિટલ પુરાવા આપવાની માંગ કરી છે. તેમણે આશંકા વ્યક્ત કરી છે કે, જાણીજોઈને પાયલટનો ઉપયોગ કરીને ઘટનાને અંજામ આપવામાં આવ્યો હશે, આ કારણે પુરાવામાં હેરાફેરી થવાની સંભાવના છે. રોહિત પવારે બુધવારે પ્રેસ કોન્ફ્રન્સમાં કહ્યું કે, 'અમે થોડા દિવસ પહેલા મુંબઈ અને દિલ્હીમાં પ્રેસ કોન્ફ્રન્સ કરી હતી, ત્યારબાદ દુર્ઘટનાની તપાસ કરી રહેલી એજન્સીઓ કામ કરી છે, આનાથી અમને સંતોષ છે, પરંતુ તેઓ ધીમી ગતીએ કામ કરી રહ્યા હોવાથી અમને આશંકા છે. અમારા નેતાઓ અમને પત્ર આપીને તપાસની માંગ કરી રહ્યા છે. વિમાનનો ફ્યુલ ટેંક આખો ભરેલો હતો, તો પછી તે ભરવાની જરૂર કેમ પડી? વિંગ્સમાં પહેલેથી જ ભરેલું ટેંક હતું.' રોહિતે પાયલોટ મામલે ગંભીર આક્ષેપ કર્યો છે અને બ્લેક બોક્સ પર પણ આશંકા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, ઘટનાને અંજામ આપવા માટે પાયલોટનો ઉપયોગ કરાયો હોવાની અમને આશંકા છે. જાણીજોઈને વિમાનને નીચે પાડવામાં આવ્યું છે. તેમણે બ્લેક બોક્સ સળગી જવાની થિયરી પર કહ્યું કે,જાણકારો મુજબ ૧૧૦૦ ડિગ્રી સેલ્સિયસ પર એક કલાક સુધી સળગે તો જ બ્લેક બોક્સ ખરાબ થઈ શકે છે, જ્યારે પાણીમાં તે એક મહિના સુધી ખરાબ થતું નથી. તેમણે વધુમાં કહ્યું કે, 'વિમાન પહેલેથી જ ખરાબ હતું અને તેનું ૫૫ કરોડ રૂપિયાનું ઈન્સ્યોરન્સ હતું. જ્યારે તેના પુર કુલ દેવું ૨૧૦ કરોડ રૂપિયા હતું. પ્લેન ક્રેશની ઘટનામાં માત્ર કાગળ પર કાર્યવાહી પર વિશ્વાસ કરવાના બદલે ડિજિટલ પુરાવાની તપાસ થવી જોઈએ, જેનાથી સત્ય સામે આવી શકશે. વિમાનની બોડી એલ્યુમિનિયમ અને બહારનો ભાગ ટાઈટેનિયમથી બનેલો હોય છે, તેથી ટેકનિકલ ખામીઓને છુપાવું મુશ્કેલ છે. આ ઘટના પાછળ કોણ સામેલ છે, તેની ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ. તપાસ એજન્સીઓના કામથી સંતોષ છે, પરંતુ ધીમી ગતિએ તપાસ થઈ રહી હોવાથી આશંકા છે.

## મુંબઈના દરિયાકાંઠા નજીક ઓઈલ ભરેલાં ત્રણ શંકાસ્પદ જહાજ જપ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ભારતે આ મહિને મુંબઈના દરિયાઈ કિનારા નજીકથી ક્રૂડ ઓઈલના ત્રણ જહાજ જપ્ત કર્યા છે. આ જહાજોના આઈએમઓ નંબર અમેરિકા દ્વારા પ્રતિબંધિત જહાજો સાથે મળતા આવે છે અને તેમનું ઈરાન સાથે જોડાણ હોવાની શંકા છે. જોકે, ઈરાનની નેશનલ ઈરાનિયન ઓઈલ કંપનીએ આ જહાજો સાથેના કોઈપણ પ્રકારના સંબંધનો ઈનકાર કર્યો છે.આ જહાજોના નામ સ્ટેલર રૂબી, એસ્ફાલ્ટ સ્ટાર અને અલ જફઝિયા છે. આ જહાજો મુંબઈ તટથી લગભગ ૧૦૦ નોટિકલ માઈલ પશ્ચિમમાં શંકાસ્પદ પ્રવૃત્તિઓ કરતા જોવા મળ્યા હતા.






### AI ઈનોવેશનના નામે ફ્રોડ

# 'ચાઈનીઝ ગોલમાલ' કરવા બદલ ગલગોટિયા યુનિવર્સિટીએ માફી માંગી

## AI એક્સ્પોમાંથી યુનિવર્સિટીને બહાર ધકેલી દેવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એકતરફ ભારત ટેકનોલોજી ક્ષેત્રે હરણફાળ ગતિથી આગળ વધવા માટે મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપી રહ્યું છે. આ માટે નવી દિલ્હીના પ્રતિષ્ઠિત 'ભારત મંડપમ' ખાતે 'ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬' યોજાઈ રહી છે, જોકે ગ્રેટર નોઈડાની એક યુનિવર્સિટીએ સમિટમાં સ્ટોલ પર ચાઈનીઝ રોબોડૉગ રજૂ કરતા ભારે વિવાદ ઉભો થયો છે. આ મામલે સામે આવ્યા બાદ યુનિવર્સિટીએ માફી માંગી લીધી છે. આ સાથે યુનિવર્સિટીને AI એક્સ્પોમાંથી બહાર ધકેલી દેવાઈ છે. યુનિવર્સિટીએ કહ્યું છે કે, સ્ટોલ પર ઉભેલા તેના પ્રતિનિધિ દ્વારા ખોટી માહિતી અપાઈ છે, જેના કારણે લોકોમાં ભ્રમ ઉભો થયો છે. પ્રતિનિધિ પ્રોડકટ અંગે કોઈ ચોક્કસ માહિતી જાણતા ન હતા. તેમણે ઉત્સાહમાં આવીને પ્રોડક્ટના ટેકનિકલ સ્રોતની ખોટી માહિતી કહી દીધી હતી. પ્રતિનિધિને મીડિયા સાથે વાત કરવાની મંજૂરી ન હતી. જોકે ખોટી માહિતી ફેલાવવાનો તેમનો ઈરાદો પણ ન હતો.

હવે કંપનીએ ચાઈનીઝ રોબોડૉગ મામલે માફી માંગી છે અને આયોજક દ્વારા એક્સ્પોમાંથી યુનિવર્સિટીને બહાર કાઢવાના નિર્ણયને સ્વિકારી લીધો છે. આમ યુનિવર્સિટીએ વિવાદનું ઠિકરું પ્રોફેસર નેહા સિંહ પર ફોડી દીધું છે.

યુનિવર્સિટીએ સત્તાવાર જાહેરાત કરી છે કે, 'એઆઈ સમિટમાં ગડબડ મામલે અમે માફી માંગીએ છીએ. સ્ટોલ પર ઉભેલા અમારા પ્રતિનિધિને પ્રોડક્ટ અંગે ચોક્કસ માહિતી ન હતી. ટેકનિકલ રીતે પ્રોડક્ટનું ઉત્પાદન ક્યાંથી થયું છે, તેની પ્રતિનિધિને માહિતી ન હતી. તેમને પ્રેસ સાથે વાત કરવાનો અધિકાર ન હતો, જોકે કેમેરા સામે આવતા તેઓ ઉત્સાહમાં આવી ગયા અને ખોટી માહિતી આપી દીધી. અમે આયોજકોની ભાવનાઓને સમજીને સ્ટોલ ખાલી કરી દીધો છે.'

ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં યોજાઈ રહેલ એઆઈ સમિટમાં ગ્રેટર નોઈડાની જાણીતી ગલગોટિયાસ યુનિવર્સિટી દ્વારા 'ઓરિયન' (Orion) નામનો રોબોટ ડોગ રજૂ કરાયો હતો. વાસ્તવમાં આ રોબોડૉગ ચીને બનાવેલો હતો અને યુનિવર્સિટીએ તેને માર્કેટમાંથી ૨.૫ લાખ રૂપિયામાં ખરીદ્યો હતો. યુનિવર્સિટીએ એવું બતાવવાનો પ્રયાસ કર્યો હતો કે, આ રોબોટ તેણે પોતે બનાવ્યો છે. ચોંકાવનારી વાત એ છે કે, તેણે રોબોડૉગને ૩૫૦ કરોડ રૂપિયાની પોતાની AI ECO SYSTEMનો હિસ્સો ગણાવીને રજૂ કર્યો હતો.

# તંત્રી લેખ......

## સુપ્રીમ કોર્ટ સરકારો વતી કાર્ય કરી રહી છે; કેન્દ્ર અને રાજ્ય સરકારોનું વલણ ચિંતાજનક છે

તાજેતરમાં, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને અનેક નિર્દેશો જારી કર્યા હતા, જેમાં સાયબર છેતરપિંડી, અને ખાસ કરીને ડિજિટલ ધરપકડના કેસોને લૂંટ અને લૂંટ તરીકે ગણાવ્યા હતા. તેણે ગૃહ મંત્રાલયને તાજેતરમાં ઘડવામાં આવેલી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર લાગુ કરવાનો નિર્દેશ આપ્યો હતો, સીબીઆઈને કેસ ઓળખવાનો નિર્દેશ આપ્યો હતો અને રિઝર્વ બેંકને શંકાસ્પદ બેંકિંગ વ્યવહારોને રોકવાનો નિર્દેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન માટે ડ્રાફ્ટ વિકસાવવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

જ્યારે સુપ્રીમ કોર્ટે ડિજિટલ ધરપકડના કેસની સુઓમોટો નોંધ લીધી અને આવા કેસોની સુનાવણી શરૂ કરી, ત્યારે ગૃહ મંત્રાલયે એક એસઓપી પ્રસ્તાવિત કર્યો. તેનો હેતુ વિવિધ એજન્સીઓ વચ્ચે વધુ સારું સંકલન સ્થાપિત કરવાનો અને શક્ય હોય ત્યાં, છેતરપિંડીવાળા ભંડોળના સમયસર પરત સુનિશ્ચિત કરવાનો હતો. નોંધનીય છે કે, સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર, ગૃહ મંત્રાલયે ડિજિટલ ધરપકડના તમામ પાસાઓની વ્યાપક તપાસ કરવા માટે એક ઉચ્ચ-સ્તરીય આંતર-વિભાગીય સમિતિની રચના કરી હતી. આ સમિતિએ એસઓપીનો મુસદ્દો તૈયાર કર્યો. પ્રશ્ન એ છે કે, સુપ્રીમ કોર્ટના નિર્દેશો પર, ગૃહ મંત્રાલયે સાયબર છેતરપિંડીને રોકવા માટે સમયસર પગલાં કેમ શરૂ કર્યા નથી, ખાસ કરીને જ્યારે ડિજિટલ ધરપકડના કેસ વધી રહ્યા છે?

કાયદો અને વ્યવસ્થા રાજ્યનો વિષય હોવાથી, સાયબર છેતરપિંડી અટકાવવાનું કાર્ય મુખ્યત્વે રાજ્ય સરકારોનું છે. જોકે, કેન્દ્ર સરકાર બેંકો, ટેલિકોમ કંપનીઓ અને ડિજિટલ પ્લેટફોર્મની ભૂમિકા પર ધ્યાન આપી શકી હોત. એ નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટે સાયબર છેતરપિંડીમાં બેંકોની ભૂમિકા શંકાસ્પદ ગણાવી હતી, અને એ વાત જાણીતી છે કે ડિજિટલ ધરપકડ સહિત મોટાભાગના સાયબર છેતરપિંડીના કેસોમાં વોટ્સએપ ભૂમિકા ભજવે છે. સાયબર છેતરપિંડીના કેસોની સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે ડિજિટલ છેતરપિંડી દ્વારા અત્યાર સુધીમાં ૫૪,૦૦૦ કરોડથી વધુની ઉચાપત કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના મતે, આ રકમ ઘણા રાજ્યોના બજેટ કરતાં વધુ છે. શું તે વિચિત્ર નથી કે હજારો કરોડ રૂપિયાની મહેનતથી કમાયેલા પૈસા લૂંટાઈ ગયા છે, છતાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર જે રીતે કાર્યવાહી કરી રહી છે તે રીતે પોતે પગલાં લેવાનું જરૂરી માન્યું નથી? સાયબર છેતરપિંડીની વાત આવે ત્યારે રાજ્ય સરકારો પણ ઓછી બેદરકારી દાખવતી નથી. એક આંકડા મુજબ, ૨૦૨૧ થી ૨૦૨૩ ની વચ્ચે, ડિજિટલ છેતરપિંડીની ૪.૮ મિલિયન ફરિયાદો સામે ફક્ત ૨૦૦,૦૦૦ ક્ષેઈ નોંધાઈ હતી. આ પરિસ્થિતિ દર્શાવે છે કે પોલીસ સાયબર છેતરપિંડી અટકાવવા માટે તૈયાર નથી. આશ્ચર્યજનક નથી કે આ સાયબર ગુનેગારોની હિંમત વધારી રહી છે. એ પણ અવગણવું જોઈએ નહીં કે લોકોને સામાન્ય રીતે તેમના ચોરાયેલા પૈસા પાછા મળતા નથી કારણ કે પોલીસને રસ નથી.

નિઃશંકપણે, સુપ્રીમ કોર્ટે વ્યાપક સાયબર છેતરપિંડીને સંબોધવામાં સરકારની ભૂમિકામાં સક્રિય રીતે ભાગ લીધો નથી. એવા અસંખ્ય કિસ્સાઓ છે જેમાં સરકારો સામેલ હોવી જોઈએ, પરંતુ સુપ્રીમ કોર્ટે હસ્તક્ષેપ કરવો પડશે. તાજેતરમાં, સુપ્રીમ કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને માર્ગ સલામતીના પગલાંને મજબૂત બનાવવા, બિન-મોટરાઇઝ્ડ વાહનો અને રાહદારીઓની અવરજવરનું નિયમન કરવા અને અકસ્માતો અટકાવવા માટે છ મહિનાની અંદર નિયમો ઘડવાનો નિર્દેશ આપ્યો હતો. તેણે રાજ્યને રાષ્ટ્રીય ધોરીમાર્ગો સિવાયના રસ્તાઓની જાળવણી માટે ધોરણો નક્કી કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો જેથી માર્ગની ગુણવત્તા સુનિશ્ચિત થાય અને રાહદારીઓની સલામત અવરજવર સુનિશ્ચિત થાય.

# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે અને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની ઉપસ્થિતિમાં નવજાત શિશુઓની સુરક્ષા માટે ૧૧ નવી 'નિયોનેટલ એમ્બ્યુલન્સ'ને ગાંધીનગરથી અપાઈ લીલીઝંડી

## વેન્ટિલેટર, ઈન્ક્યુબેટર અને અન્ય જીવનરક્ષક તબીબી ઉપકરણોની સુવિધા સાથેની આ એમ્બ્યુલન્સ નવજાત શિશુ મૃત્યુદરમાં ઘટાડો કરવામાં પાયાની ભૂમિકા ભજવશેઃ આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નવજાત શિશુઓને સમયસર તેમજ સચોટ સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. જે અંતર્ગત આજે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે અને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની ઉપસ્થિતિમાં સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતેથી ૧૦૮ સેવા હેઠળ ૧૧ નવી અત્યાધુનિક 'નિયોનેટલ એમ્બ્યુલન્સ'નો લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે રાજ્ય નાણા મંત્રી શ્રી કમલેશ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ નવી ૧૧ અત્યાધુનિક 'નિયોનેટલ એમ્બ્યુલન્સ' સાબરકાંઠા, મહેસાણા, પાટણ, સુરત, ડાંગ, તાપી, જુનાગઢ અને રાજકોટ જિલ્લાના આરોગ્ય કેન્દ્ર ખાતે કાર્યરત કરવામાં આવશે.

આ લોકાર્પણ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, રાજ્યના એક પણ બાળકનું આરોગ્ય સારવારના અભાવે મૃત્યુ ન થાય તે માટે સરકારે સંકલ્પ કર્યો છે. નવજાત શિશુઓ માટે સંજીવની સમાન આ નવી એમ્બ્યુલન્સ ખાસ કરીને ગંભીર હાલતમાં રહેલા નવજાત શિશુઓને એક હોસ્પિટલથી બીજી ઉચ્ચ સુવિધા ધરાવતી હોસ્પિટલમાં સુરક્ષિત રીતે લઈ જવા માટે તૈયાર કરવામાં આવી છે. આ એમ્બ્યુલન્સમાં વેન્ટિલેટર, ઈન્ક્યુબેટર અને અન્ય જીવનરક્ષક તબીબી ઉપકરણોની સુવિધા ઉપલબ્ધ રહેશે, જે રાજ્યના નવજાત શિશુ મૃત્યુદરમાં વધુ ઘટાડો કરવામાં પાયાની ભૂમિકા ભજવશે. આરોગ્ય મંત્રી શ્રી પાનશેરીયાએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, આજે ગુજરાત દરેક ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે, ત્યારે આરોગ્ય ક્ષેત્રે પણ અનેક આરોગ્યલક્ષી યોજનોનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. રાજ્યના અંતરિયાળ ગામની અંદર નાના PHC સેન્ટરમાં જ્યારે ડિલેવરી થતી હોય ત્યારે નવું જન્મેલું બાળક ઘણીવાર ગંભીર બીમારી અથવા કોઈપણ પ્રકારનું ઈન્ફેકશન લાગેલું હોય તો તેને મોટા સેન્ટર સુધી સુરક્ષિત રીતે લઈ જવા માટે અદ્યતન એમ્બ્યુલન્સની જરૂર પડતી હોય છે. જેથી રાજ્ય સરકાર દ્વારા આજે વધુ ૧૧ નવી એમ્બ્યુલન્સને લીલી ઝંડી આપી પ્રજાની સેવામાં મૂકવામાં આવી છે.આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણના મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનો, આરોગ્ય કમિશનર (ગ્રામ્ય) ડૉ. રતનકંવર ગઢવી ચારણ, અધિક નિયામક શ્રી નિલમ પટેલ સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. - જીગર બારોટ

# આરબીઆઈ, અમદાવાદ દ્વારા એકતા નગર ખાતે LDM, DDM અને LDO માટે અભિસરણ કાર્યશાળાનું આયોજન





ભારતીય રિઝર્વ બેંક (RBI)ના નાણાકીય સમાવેશ અને વિકાસ વિભાગ (FIDD), અમદાવાદ ક્ષેત્રીય કાર્યાલય દ્વારા આજે એકતા નગર સ્થિત ફર્ન સરદાર સરોવર રિસોર્ટ ખાતે ઉચ્ચ-સ્તરીય અભિસરણ કાર્યશાળાનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ કાર્યશાળામાં ગુજરાત રાજ્ય અને દીવ, દમણ અને દાદરા નગર હવેલી કેન્દ્રશાસિત પ્રદેશ ના ૩૫ અગ્રણી જિલ્લા પ્રબંધકો (LDMs), ૧૮ જિલ્લા વિકાસ પ્રબંધકો (DDMs) અને અગ્રણી જિલ્લા અધિકારીઓ (LDOs) એ ભાગ લીધો હતો.

ગ્રામીણ ધિરાણના આધાર-સ્તંભનું સશક્તિકરણ

આ કાર્યશાળાનું ઉદ્ઘાટન આરબીઆઈના ક્ષેત્રીય નિદેશક શ્રી અમરેશ રંજન દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે રાષ્ટ્રના નાણાકીય સમાવેશના એજન્ડાને આગળ ધપાવવામાં આ અધિકારીઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમના સંબોધન દરમિયાન, શ્રી રંજને કૃષિ ધિરાણના વિશેષ મહત્વ પર ભાર મૂક્યો, જેમાં ખાસ કરીને નાના અને સીમાંત ખેડૂતોનું ઉત્થાન કે જે ટકાઉ આર્થિક વિકાસ માટે કેન્દ્રિય છે.

સમાવેશી વિકાસમાં ગુજરાતની સિદ્ધિઓની પ્રશંસા કરતી વખતે, ક્ષેત્રીય નિદેશકે "ડિજિટલ અરેસ્ટ" જેવા સાયબર છેતરપિંડીની ઘટનાઓમાં વધારો થવા અને એ અંગે કાર્યવાહી કરવા પર ભાર મૂક્યો. તેમણે તમામ હિતધારકોને નાગરિકોનું રક્ષણ કરવા અને ડિજિટલ બેંકિંગ વ્યવસ્થામાં વિશ્વાસ જાળવી રાખવા માટે મજબૂત વ્યૂહરચના વિકસાવવા માટે આગ્રહ કર્યો.

વ્યૂહાત્મક સહયોગ અને કૌશલ્ય વૃદ્ધિ

કાર્યશાળાના સત્રો વિવિધ બેંકિંગ અને વિકાસ એજન્સીઓના પ્રયાસોને સુમેળ બનાવવા પર કેન્દ્રિત હતા. કાર્યશાળાની મુખ્ય વિષય-વસ્તુમાં નીચેના મુદ્દાઓ સમાવિષ્ટ છેઃ

અગ્રણી બેંક યોજના (LBS): RBI અને SLBC ના નવીનતમ વિનિયમન પરિપ્રેક્ષ્ય પર અપડેટ્સ.

સંભવિત લિંક્ડ પ્લાન્સ (PLP): પ્રાથમિકતા ક્ષેત્રોમાં ભંડોળનો પ્રવાહ સુનિશ્ચિત કરવા માટે જિલ્લા-સ્તરીય ધિરાણ યોજનાઓની વ્યૂહાત્મક તૈયારી.

નેતૃત્વ વિકાસઃ નીતિ અને અમલીકરણ વચ્ચેના અંતરને દૂર કરવા માટે ક્ષેત્ર-સ્તરના અધિકારીઓના સંકલન કૌશલ્યને મજબૂત બનાવવું.

મહાનુભાવોની વિશિષ્ટ હાજરી

આ કાર્યશાળામાં વરિષ્ઠ અધિકારીઓ અને નિષ્ણાતો દ્વારા જાણકારી આપવામાં આવી હતી, જેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

શ્રી બી કે સિંઘલ, મુખ્ય મહાપ્રબંધક, નાબાર્ડ.

શ્રી અશ્વિની કુમાર, એસએલબીસી ગુજરાત, સંયોજક અને મહાપ્રબંધક, બેંક ઓફ બરોડા.

શ્રી કૃષ્ણ કુમાર સિંહ, યુટીએલબીસી, દીવ, દમણ અને દાદરા નાગર હવેલી, સંયોજક અને મહાપ્રબંધક, બેંક ઓફ બરોડા.

નાણાકીય સમાવેશ અને વિકાસ વિભાગ (FIDD), કેન્દ્રીય કાર્યાલય, આરબીઆઈ અને કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ બેંકિંગ (CAB), પુણેના વરિષ્ઠ ફેકલ્ટી.

આ કાર્યશાળા પ્રાદેશિક નાણાકીય એકીકરણમાં એક સીમાચિહ્નરૂપ છે, જે બેંકિંગ સુલભતા અને ભાગીદારીમાં રહેલા અંતરને દૂર કરવા માટે સામૂહિક પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

### મહાનગરપાલિકાની ટીમે રેડ પાડીને કાર્યવાહી હાથ ધરી

# અમદાવાદમાં સરકારી આવાસમાં ધમધમતું PG ઝડપાયું

## LIG ૧૯ નામની સ્કીમમાં બનેલા આવાસ યોજનામાં આ પીજી ચલાવાઈ રહ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં સરકારી આવાસમાં PG ચાલતું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

શહેરના પશ્ચિમમાં આવેલ સાયન્સ સિટી વિસ્તારમાં સ્થિત LIG ૧૯ નામની સ્કીમમાં બનેલા આવાસ યોજનામાં આ પીજી ચલાવાઈ રહ્યું હતું. જે અંગેની માહિતી મળતા જ કોર્પોરેશનની ટીમ દ્વારા રેડની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને સરકારી આવાસમાં ચાલતા PGને પકડી પાડવામાં આવ્યું છે અને સમગ્ર મામલે તપાસ હાથ ધરાઈ છે.

વિગતે વાત કરીએ તો, સરકાર આર્થિક રીતે પછાત ગરીબ લોકોને 'પોતાના ઘરનું સપનું પૂરું કરવા માટે' નજીવા રૂપિયામાં સરકારી આવાસ યોજનામાં મકાન ફાળવે છે. પરંતુ આ સરકારી આવાસનો દુરુપયોગ થતો હોવાનો કિસ્સો હાલ ગુજરાતમાંથી સામે આવતા ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદ શહેરના સાયન્સ સિટીમાં આવેલ આવાસ યોજનામાં પીજી ચલાવાઈ રહ્યું હોવાની ઘટનાનો હાલ ભાંડાફોડ થયો છે. LIG ૧૯ નામની સ્કીમ પર બનેલા આ આવાસ યોજનામાં PG ચાલતું હોવાનું તંત્રને ધ્યાને આવતું હતું, જે બાદ અમદાવાદ મહાનગરપાલિકાની ટીમે રેડ પાડીને કાર્યવાહી હાથ ધરી હતી.

ચોંકાવનારી વાત તો એ છે કે, હાઉસિંગના મકાનમાં પીજી ચલાવવા બાબતે સોશિયલ મીડિયામાં જાહેરાત આપવામાં આવતી હતી.

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - બુધવાર, ૧૮/૦૨/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૩૫ | ૪૭૦.૦૦ | ૫૩૧.૦૦ |
| ૨ | મગફળી | ૧૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૨૦૦.૦૦ |
| ૩ | એરંડા | ૨૭ | ૧,૨૪૫.૦૦ | ૧,૨૭૫.૦૦ |
| ૪ | રાયડો | ૮૧ | ૯૭૫.૦૦ | ૧,૧૫૩.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૩૯૦.૦૦ | ૪૦૦.૦૦ |
| ૬ | મકાઇ | ૬ | ૨૮૦.૦૦ | ૩૨૩.૦૦ |
| ૭ | ચણા | ૩૭ | ૯૭૦.૦૦ | ૧,૦૦૨.૦૦ |
| ૮ | તુવર | ૮૨ | ૧,૨૩૦.૦૦ | ૧,૩૯૦.૦૦ |
| ૯ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૧૦ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૧૧ | કપાસ | ૨૨૧ | ૧,૪૮૯.૦૦ | ૧,૫૭૫.૦૦ |
| ૧૨ | સોયાબીન | ૧૦ | ૯૦૦.૦૦ | ૧,૦૦૮.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

# ઈલેકટ્રીક ટુ વ્હીલર અને થ્રી વ્હીલર ખરીદનાર માટે સરકાર સબસીડી આપશેઃ સબસીડી માટે રૂપીયા ૧૬ કરોડની જોગવાઈ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત બજેટ ૨૦૨૬ માં બેટરી સંચાલીત ઈલેક્ટ્રીક ટુ વ્હીલર અને થ્રી વ્હીલરના વપરાશને પ્રોત્સાહન આપવા માટે મોટી જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત બજેટ ૨૦૨૬ ભાષણમાં નાણાંમંત્રી કનુ દેસાઈએ કહ્યુ હતુ કે બેટરી સંચાલીત ટુ વ્હીલર અને થ્રી વ્હીલર વાહનોની ખરીદી પર સબસીડી આપવા માટે ૧૬ કરોડ રૂપીયાની જોગવાઈ કરવામાં આવી છે.

ઉપરાંત રાજયમાં ઈલેકટ્રીક વ્હીકલસ ચાર્જીંગ સુવિધાઓના વિકાસ માટે ૫૦ કરોડ રૂપીયાની બજેટ ફાળવણી કરવામાં આવી છે. ગુજરાત બજેટ ૨૦૨૬ માં કલાઈમેન્ટ ચેન્જ વિભાગ માટે કુલ રૂપીયા ૪૨૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતે કલાઈમેન્ટ એકશન ટ્રેકર પોર્ટલ લોન્ચ કરી દેશમાં કલાઈમેન્ટ સુચકાંકો સંબંધીત માહિતી જિલ્લા સ્તરે પ્રદર્શીત કરતુ પોર્ટલ બનાવનાર દેશના પ્રથમ રાજય તરીકેનો દરજજો પ્રાપ્ત કરેલ છે. સરકારી કચેરીઓની છત પર સોલર રૂફ ટોપ સિસ્ટમ સુવિધા માટે રૂપીયા ૨૭૮ કરોડની જોગવાઈ, બેટરી સંચાલિત ટુ વ્હીલર અને થ્રી વ્હીલર વાહનોની ખરીદી પર સબસીડી આપવા ૧૬ કરોડની જોગવાઈ, ગૌ શાળાઓ, પાંજરાપોળ , શૈક્ષણિક સંસ્થાઓ, ટ્રસ્ટ વગેરે જેવી ૭૦ જેટલી સંસ્થાઓમાં બાયોગેસ પ્લાન્ટની સ્થાપના માટે રૂપીયા ૧૨ કરોડની જોગવાઈ, રાજયની શાળાના બાળકો માં મિશન લાઈફની જાગૃતતા વધારવા માટે રૂપીયા ૯ કરોડની જોગવાઈ, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત , નગરપાલિકા , મહાનગરપાલિકા હસ્તકના સ્મશાન ગૃહો માં ૧૨૦૦ સ્મશાન ભઠ્ઠીઓ બેસાડવા રૂપીયા ૭ કરોડની જોગવાઈ,

### ICC રેન્કિંગમાં લગાવી જોરદાર છલાંગ

# પાકિસ્તાન સામે તોફાની ઈનિંગ રમનાર ઈશાન કિશનને મળ્યું ઈનામ

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલંબો

ICC ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની ૨૭મી મેચ રવિવારે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોલંબોમાં રમાઈ હતી. જેમાં ઈશાન કિશન તરફથી તોફાની ઈનિંગ જોવા મળી.

કિશને માત્ર ૪૦ બોલમાં ૧૯૨.૫૦ની સ્ટ્રાઈક રેટથી ૭૭ રન બનાવ્યા હતા. જેના કારણે ભારતીય ટીમ ઈન્ડિયાએ વિરોધી ટીમ સામે મોટી જીત નોંધાવી. યુવા બેટ્સમેન ઈશાન કિશન ટી૨૦ વર્લ્ડ કપ ટુર્નામેન્ટમાં અલગ જ અંદાજમાં બેટિંગ કરી રહ્યો છે. જેની અસર આઈસીસી રેક્કિંગમાં પણ જોવા મળી રહી છે. તે આઈસીસીના લેટેસ્ટ ટી૨૦ ઈન્ટરનેશનલ રેક્કિંગમાં ૧૭ સ્થાનની જોરદાર છલાંગ લગાવીને આઠમા નંબરે પહોંચી ગયો છે.

ICCની લેટેસ્ટ ટોપ ૧૦ બેટ્સમેન રેક્કિંગમાં કુલ ચાર ભારતીય બેટ્સમેન સામેલ છે. જેમાં અભિષેક શર્મા, તિલક વર્મા, કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને ઈશાન કિશનનું નામ સામેલ છે. અભિષેક શર્મા ૮૯૧ રેટિંગ સાથે પહેલા નંબરે છે. જ્યારે તિલક વર્મા ૭૫૧ રેટિંગ સાથે સાતમા નંબરે, સૂર્યકુમાર યાદવ ૭૪૭ રેટિંગ સાથે છઠ્ઠા નંબરે અને ઈશાન કિશન ૭૩૨ રેટિંગ સાથે આઠમા નંબરે છે.

કેટલાક લોકોનો સવાલ છે કે, ઈશાન કિશન લાંબા સમયથી ભારતીય ટીમની બહાર ચાલી રહ્યો હતો.

હાલમાં જ તેની ટીમમાં વાપસી થઈ છે. એવામાં આટલી જલદી તેના રેક્કિંગમાં આટલો ઉછાળો કેવી રીતે આવી શકે છે? જો તમારો પણ એ જ સવાલ છે, તો તેનો જવાબ અમે લઈને આવ્યા છીએ.

ઈન્ટરનેશનલ ક્રિકેટમાં વાપસી કર્યા પછી ઈશાન કિશન શાનદાર બેટિંગ કરી રહ્યો છે. તેના શાનદાર પ્રદર્શનનો અંદાજ એ વાતથી લગાવી શકાય છે કે, વર્તમાન ટી૨૦ વર્લ્ડ કપમાં તેણે ભારતીય ટીમ તરફથી કુલ ૩ મેચ રમી છે. જેમાં તેણે ટીમ તરફથી સૌથી વધુ રન બનાવ્યા છે.

# ગુજરાતના ખેડુતોને પંજાબની જેમ મફત વિજળી આપોઃ ગોપાલ ઈટાલીયાએ સિંચાઈના પાણીના મુદે સરકારને ઘેરી



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં આજે બજેટ રજુ થવાના અગાઉ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અને પૂર્વ પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયાએ સરકાર પાસે પ્રજાલક્ષી અપેક્ષાઓનુ ભાથુ રજુ કર્યુ હતું. તેમણે ખેડુતો, શિક્ષણ અને રોજગારના મુદ્દે સરકારને આડે હાથ લીધી હતી. ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ હતુ કે પંજાબ સરકારની જેમ ગુજરાતમાં પણ ખેડુતોને દિવસે મફત વિજળી મળવી જોઈએ. વધુમાં તેમણે ઉમેર્યુ કે ગુજરાતમાં કુદરતી મહેર હોવા છતાં વહિવટી તંત્રની અણઆવડતને કારણે કેનાલ નેટવર્ક પુરતુ નથી જેથી ખેડુતો સુધી સિંચાઈનુ પાણી પહોચતુ નથી. આ બજેટમાં કેનાલ નેટવર્ક મજબુત કરવા જાહેરાત થવી જોઈએ, શિક્ષણ ક્ષેત્રે નવીનતા લાવવાની માંગ કરતા તેમણે કહ્યુ કે રાજયમાં આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ યુનિર્વસિટી બનાવવી જોઈએ. જેથી આવનારી પેઢી ટેકનોલોજીમાં આગળ વધી શકે, સામાન્ય જનતા માટે શિક્ષણ અને સ્વાસ્થ્યની શ્રેષ્ઠ સુવિધાઓ મફત અથવા સસ્તી મળે તેવી વ્યવસ્થા થવી જોઈએ. ઈટાલીયાએ વધુમાં કહયુ કે જમીન વિહોણા લોકો અને માલધારી સમુદાય માટે પણ અવાજ ઉઠાવવો જોઈએ. જમીન વિહોણા લોકોને સરકાર જમીન આપે તેવી માંગ છે. માલધારીઓને જમીન અને ગૌચરના અધિકારો મળવા જોઈએ. સરકારી નોકરીઓમાં કોન્ટ્રાકટ પ્રથા બંધ કરી કાયમી નિમણુંક આપવી જોઈએ જેથી ગામડાઓનુ સ્થળાંતર અટકે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૧૨૯૬ અને ચાંદીના વાયદામાં રૂ.૮૦૧૧નો ફરી ઉછાળોઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૭૮ની તેજી


## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૯૦૮૦.૫૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૫૩૧૧૦.૨૭ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૪૩૦૯.૭૦ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૭૫૦૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૭૨૧૯૧.૮૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૯૦૮૦.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૫૩૧૧૦.૨૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૭૫૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૭૭૧.૭૧ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૪૩૦૯.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩૩૦૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૫૫૪ અને નીચામાં રૂ.૧૫૨૫૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૧૪૧૮ના આગલા બંધ સામે રૂ.૧૨૯૬ વધી રૂ.૧૫૨૭૧૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૧૦૩ વધી રૂ.૧૨૫૦૬૧ થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૫૩ વધી રૂ.૧૫૬૨૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૩૭ વધી રૂ.૧૫૦૮૨૮ થયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૬૨૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૩૮૫ અને નીચામાં રૂ.૧૫૨૩૩૬ના મથાળે અથડાઈ, રૂ.૧૫૧૫૧૭ના આગલા બંધ સામે રૂ.૧૧૭૩ વધી રૂ.૧૫૨૬૯૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૩૨૯૨૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૩૮૫૬૪ અને નીચામાં રૂ.૨૩૨૧૨૧ના મથાળે અથડાઈ, રૂ.૨૨૮૭૮૩ના આગલા બંધ સામે રૂ.૮૦૧૧ વધી રૂ.૨૩૬૭૯૪ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૮૧૪૬ વધી રૂ.૨૩૯૬૫૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૮૧૪૫ વધી રૂ.૨૩૯૬૬૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૧૯૧.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૧૪.૪૫ વધી રૂ.૧૧૬૫.૩૫ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૫૫ વધી રૂ.૩૨૦.૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૦૫ વધી રૂ.૩૦૫.૮૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૨૦ પૈસા ઘટી રૂ.૧૮૬.૮૫ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૫૩૨.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૪૬૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૪૮૪ અને નીચામાં રૂ.૩૪૨૪ના મથાળે અથડાઈ, રૂ.૧૩ વધી રૂ.૩૪૭૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૬૫૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૭૨૦ અને નીચામાં રૂ.૫૬૫૦ના મથાળે અથડાઈ, રૂ.૫૬૪૨ના આગલા બંધ સામે રૂ.૭૮ વધી રૂ.૫૭૨૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૭૯ વધી રૂ.૫૭૨૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૧ ઘટી રૂ.૨૭૪.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૪ ઘટી રૂ.૨૭૪.૩ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા




તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૬૦ના ભાવે ખૂલી, રૂ.૧.૧ ઘટી રૂ.૯૫૯ થયો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો રૂ.૧૬૦ ઘટી રૂ.૨૫૫૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૫૬૮ના ભાવે ખૂલી, રૂ.૨૨ ઘટી રૂ.૨૫૭૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૦૬૨.૭૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૨૪૬.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૭૧૬.૦૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨૫.૮૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦.૦૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૪.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૩.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૧૩.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૦૫.૪૩ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૩.૬૬ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૪૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૮૯૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૧૧૮૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૨૨૫૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૨૯૮૯૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૧૭૭૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૮૭૬૭ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૨૮૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૪૫૨૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૬૭૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૦૫૧૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૭૧૪૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૭૫૬૪ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૭૫૭૨ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૭૪૫૮ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૯૬ પોઈન્ટ વધી ૩૭૫૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૭૨.૪ વધી રૂ.૩૧૧.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૦ પૈસા ઘટી રૂ.૭.૭૫ થયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૨ વધી રૂ.૨૦૨૦ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૭.૫ ઘટી રૂ.૩૧૪ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૬ વધી રૂ.૭.૪૨ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૬ પૈસા ઘટી રૂ.૦.૨૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૨.૫ ઘટી રૂ.૨૫૧.૮ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫ પૈસા વધી રૂ.૭ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૪૨ ઘટી રૂ.૧૯૫૮ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૯૭.૫ ઘટી રૂ.૪૪૧ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૪૪ ઘટી રૂ.૩.૦૪ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૨૪ ઘટી રૂ.૨.૯ થયો હતો.

# મહેસુલ વિભાગ માટે રૂ. ૫,૫૫૨ કરોડની જોગવાઈ કરવામાં આવીઃ આપત્તિ વ્યવસ્થાપન માટે પણ વિશેષ ફંડ ફાળવવામાં આવ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




જમીન વ્યવસ્થાપન, આવક વહિવટ , આપત્તિ વ્યવસ્થાપન અને નાગરીક સેવાઓને વધુ કાર્યક્ષમ અને પારદર્શક બનાવવાનો હેતુ છે. રાજય સરકારનો મુખ્ય ઉદેશ મહેસુલ સંબંધી પ્રક્રિયાઓને ઝડપી, ડીઝીટલ અને જનમૈત્રી બનાવવાનો છે. આ જોગવાઈ હેઠળ જમીનના રેકોર્ડના ડીઝીટાઈઝેશનને વધુ વેગ આપવામાં આવશે, ગ્રામ્ય સ્તરેથી લઈને જિલ્લા કચેરી સુધીની જમીન સંબંધીત નોંધો ઓનલાઈન ઉપલબ્ધ કરાવવાનો પ્રયાસ કરવામાં આવશે, જેથી સામાન્ય નાગરીકોને કચેરીના ધકકા ખાવા ન પડે, ઈ-ધરતી અને ઓનલાઈન નમુના સેવાઓને મજબુત બનાવી પારદર્શિતા વધારવામાં આવશે. આ ઉપરાંત આપત્તિ વ્યવસ્થાપન માટે પણ વિશેષ ફંડ ફાળવવામાં આવ્યુ છે. પુર, ચક્રવાત કે કુદરતી આફત જેવી પરીસ્થિતિમાં તાત્કાલીક રાહત અને પુનઃવર્સન કામગીરી ઝડપી થાય તે માટે સજજતા વધારવામાં આવશે. ખેડુતોને પાક નુકશાનની ભરપાઈ સમયસર મળી રહે તે માટે ટેકનોલોજી આધારીત સર્વે વ્યવસ્થા અમલમાં મુકવાની યોજના છે. મહેસુલ કચેરીઓના આધુનિકીકરણ, સ્ટાફ ટ્રેનીંગ અને ઈન્ફાસ્ટ્રકચરના વિકાસ માટે પણ આ રકમનો ઉપયોગ થશે. નાગરીકોને સરળતા અને ઝડપી સેવા મળે તે માટે સીંગલ વિન્ડો સિસ્ટમને વધુ અસરકારક બનાવવામાં આવશે, રૂપીયા ૫,૫૫૨ કરોડની આ જોગવાઈ રાજયના પ્રશાસનને વધુ પારદર્શક , જવાબદાર અને કાર્યક્ષમ બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે, મહેસુલ વિભાગની મજબુતી રાજયના સર્વાંગી વિકાસમાં મહત્વનો આધારસ્તંભ બની રહેશે.

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ રૂ.૭૦૮૪ કરોડની જોગવાઈ કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર




સમાજના જરૂરીયાતમંદ વર્ગ ને સામાજિક સુરક્ષા પુરી પાડી સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવો એ સરકારની પ્રાથમિકતા છે. વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ, પાત્રતા ધરાવતી તમામ વ્યકિતઓને સરળતાથી પહોચાડવા સરકાર પ્રતિબધ્ધ છે. પીએમ યશસ્વી પ્રિ-મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ વિકસતી જાતિના અંદાજે ૯ લાખ ૭૫ હજાર વિદ્યાર્થીઓ માટે રૂપીયા ૬૩૦ કરોડની જોગવાઈ, પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસુચિત જાતિના અને વિકસતિ જાતિના અંદાજે ૩૬ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય આપવા રૂપીયા ૬૧૭ કરોડની જોગવાઈ (૨) અનુસુચિત જાતિના આશરે ૧ લાખ ૪૫ હજાર વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના માટે રૂપીયા ૨૯૬ કરોડની જોગવાઈ (૩) વિદેશ અભ્યાસ લોન યોજના અંતર્ગત વિદેશ માં ચાલતા ઉચ્ચ અભ્યાસઅર્થે ૪ ટકાના દરે વ્યકિતદીઠ ૧૫ લાખ સુધીની લોન આપવા રૂપીયા ૧૩૫ કરોડની જોગવાઈ (૫) સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધોરણ ૯ માં અભ્યાસ કરતી અનુસુચિત જાતિ , સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક પછાત વર્ગ ની ૧ લાખ ૫૯ હજાર વિદ્યાર્થીનીઓને વિનામુલ્યે સાયકલ આપવા રૂપીયા ૭૩ કરોડની જોગવાઈ (૬) ધોરણ ૯ અને ૧૦ માં અભ્યાસ કરતા અનુસુચિત જાતિના અંદાજે ૧ લાખ ૭૦ હજાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા રૂપીયા ૨૪ કરોડની જોગવાઈ (૭) અનુસુચિત જાતિ અને વિકસતિ જાતિના વિદ્યાર્થીઓ માટેની આદર્શ નિવાસી શાળાઓ પૈકી ૫ શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહ ના વર્ગો ચાલુ કરવા તથા અત્યાધુનિક લેબોરેટરી સ્થાપવામાં આવશે (૮) દિવ્યાંગજનો માટેની સંત સુરદાસ યોજના તેમજ વિવિધ આર્થિક સહાય યોજના હેઠળ કુલ રૂપીયા ૨૪૯ કરોડની જોગવાઈ (૯) નિરાધાર બાળકો માટેની પાલક માતા પિતા યોજના હેઠળ રૂપીયા ૮૩ કરોડની જોગવાઈ (૧૦) દિવ્યાંગજનોને મોટરરાઈઝડ ટ્રાઈસીકલ તથા જોયસ્ટીક વ્હીલચેર આપવા રૂપીયા ૬૦ કરોડની જોગવાઈ (૧૧) રાજયના ૩૪ જિલ્લાઓમાં નશામુકિત સેન્ટર અને રાજય કક્ષાએ સ્ટેટ સેલ સ્થાપવા રૂપીયા ૧૫ કરોડની જોગવાઈ (૧૨) બૌધ્ધિક અસમર્થતા , ઓટીઝમ દિવ્યાંગતા ક્ષેત્રે ડે કેર તથા રહેણાકની સુવિધા સાથે શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા માટે રૂપીયા ૬ કરોડની જોગવાઈ (૧૩) અનુસુચિત જાતિ અને વિકસતિ જાતિના લાભાર્થીઓ નિગમો હેઠળ ચાલતી શૈક્ષણિક લોન તથા સ્વરોજગાર લક્ષી લોન યોજનાના તથા દિવ્યાંગજનો માટે ચાલતી સ્વરોજગાર યોજનાના કુલ ૧૯ હજાર લાભાર્થીઓ માટે રૂપીયા ૭૯૩ કરોડની જોગવાઈ, (૧૪) અનુસુચિત જાતિ અને વિકસતિ જાતિના લાભાર્થીઓને બેંક મારફતે વાહન , સ્વરોજગારી તેમજ ઉચ્ચ અભ્યાસ માટે લીધેલ લોન પર ૬ ટકા સબસીડી આપવા રૂપીયા ૨૫ કરોડની જોગવાઈ (૧૫) આવાસ યોજનાઓ હેઠળ અનુસુચિત જાતિ , સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો , આર્થિક પછાત વર્ગો તથા વિચરતી વિમુકત જાતિઓના અંદાજીત ૨૪ હજાર થી વધુ લાભાર્થીઓને મકાન સહાય માટે રૂપીયા ૩૭૫ કરોડની જોગવાઈ (૧૬) અનુસુચિત જાતિ અને વિકસતિ જાતિના આશરે ૫૩ હજાર લાભાર્થીઓને મળતી મફત (પોષણ) તબીબી સહાય યોજના અંતર્ગત રૂપીયા ૧૪૩ કરોડની જોગવાઈ

# પોલીસ પરીવારો માટે આવાસ બનાવવા રૂ.૧૫૭૪ કરોડની ફાળવણી : ૨૦૪૪૪ નવા આવાસો બનાવાશે

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજય સરકારનુ મહત્વકાંક્ષી બજેટ આજે બુધવારે રજુ કરવામાં આવ્યુ હતું. અને નવી યોજનાઓની સાથોસાથ લોકો માટે પણ અનેક લાભકારી યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જે પૈકી કાયદો અને વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા સલામતીના પગલા લઈ રાજય સરકારના ૬.૪૦ લાખ જેટલા કર્મચારીઓને તબીબી સુરક્ષા કવચની સાથોસાથ ગુજરાત પોલીસ માટે ૫ વરસમાં ૨૦૪૪૪ નવા આવાસો બનાવવા માટે રૂપીયા ૧૫૭૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા તેમજ માર્ગ સલામતીના પગલા વધારવા રાજયની કટોકટી સેવાઓને ડાયલ ૧૧૨ જનરક્ષક પ્રોજેકટ હેઠળ આવરી લીધેલ છે. જેથી ઈમરજન્સી રીસ્પોન્સ સમયમાં વધુ ઘટાડો થશે. જેના અસરકારક અમલીકરણ માટે વિવિધ સંવર્ગનુ ૩ હજાર માનવબળ ઉભુ કરવાનુ આયોજન છે. પીએમજેએવાય ના ધોરણે રાજય સરકારના ૬ લાખ ૪૦ હજાર જેટલા કર્મયોગીઓ તેમજ પેન્શનરોને રૂપીયા ૧૦ લાખ સુધીની કેશલેસ તબીબી સારવારનુ સ્વાસ્થ્ય સુરક્ષા કવચ પુરૂ પાડવામાં આવી રહયુ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અમારી સરકાર અર્નિંગ વેલ લીવીંગ વેલ પર ફોકસ કરીને આયોજનબધ્ધ રીતે આગળ વધી રહી છે.

### પાણીજન્ય રોગચાળાને પગલે પાણીના સેમ્પલની તપાસ

# શહેરમાં ૧૫ દિવસમાં જ કમળાના ૨૬, ઝાડા ઉલ્ટીના ૧૪૧ કેસ નોંધાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં ફેબ્રુઆરી માસમાં પાણીજન્ય રોગચાળાના કેસો સામે આવ્યા છે. શહેરમાં કમળાના ૨૬ કેસ અને ઝાડા ઉલ્ટીના ૧૪૧ કેસ ૧૫ દિવસમાં નોંધાયા છે.

શહેરમાં પાણીજન્ય રોગચાળાના કેસોને પગલે કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા પાણીના નમૂના લઈને તપાસ માટે મોકલ્યા હતા. જેમાં ૧૧ સેમ્પલ અનફીટ જાહેર થયા હતા જ્યારે મચ્છરજન્ય રોગચાળામાં ડેન્ગ્યૂના ૪ કેસ નોંધાયા હોવાનું જાણવા મળે છે. ફેબ્રુઆરીના ૧૫ દિવસમાં જ શહેરમાં પાણીજન્ય રોગચાળાના કેસોમાં ઝાડા ઉલ્ટી, ટાઈફોઈડ અને કમળાના કેસો સામે આવતા તંત્ર દોડતું થયું છે.

કમળાના ૧૫ દિવસમાં ૨૬ કેસ નોંધાયા છે. જ્યારે ઝાડા ઉલ્ટીના ૧૪૧ અને ટાઈફોઈડના ૬૫ કેસ સામે આવ્યા છે. પાણીજન્ય રોગચાળાના પગલે કોર્પોરેશન દ્વારા ૩૫૫૨ પાણીના સેમ્પલ લઈ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. જેમાંથી ૧૧ સેમ્પલ અનફીટ જાહેર થયા છે. આ સાથે ચાલુ વર્ષે પાણીના કુલ ૨૬ સેમ્પલ અનફીટ જાહેર થયા હોવાનું જાણવા મળે છે. પાણીજન્ય રોગચાળાની સામે મચ્છરજન્ય રોગચાળો કાબુમાં હોવાનું જણાય છે. ફેબ્રુઆરી માસના ૧૫ દિવસમાં શહેરમાં ડેન્ગ્યૂના ૪ કેસ નોંધાયા છે. જ્યારે સાદા મેલેરિયાના ૨ કેસ જોવા મળ્યા છે. ઝેરી મેલેરિયા અને ચિકનગુનિયાનો એક પણ કેસ નોંધાયો નથી. ડેન્ગ્યૂના કેસ સામે આવતા કોર્પોરેશન દ્વારા ૫૨ હજાર કરતા વધુ સીરમ સેમ્પલ લઈ તપાસ માટે મોકલ્યા હતા. ચાલુ વર્ષમાં ૨.૨૪ લાખ કરતા વધુ સીરમ સેમ્પલ તપાસ માટે મોકલાયા હોવાનું જાણવા મળે છે.


**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
સી.એન.સી.ડી. વિભાગ, સેન્ટ્રલ સ્ટોર્સ વિભાગની અંદર,
જગન્નાથ મંદિરની સામે, જમાલપુર, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નંબર : ૦૭૯-૨૫૩૫૯૬૫૦. cncd@ahmedabadcity.gov.in

**શોર્ટ ઈ-ટેન્ડર નોટીસ નં.41/2025-26/CNCD/AMC.**

"સી.એન.સી.ડી. ખાતામાં પશુ વિષયક વિવિધ કામગીરીઓ માટે વેટરનરી ડોકટર્સ / ડિપ્લોમાં વેટરનરી / પેરા વેટરનરી / લાઈવ સ્ટોક ઈન્સપેકટર્સ / સેનેટરી / સેનીટેશન સ્ટાફ, ટેકનીકલ સ્ટાફ (પશુ સંલગ્ન માહીતી / રેકર્ડ કીપર) અથવા આ પ્રકારના અન્ય સ્ટાફ આઉટ સોર્સીંગ દ્વારા કોન્ટ્રાક્ટથી પુરા પાડવાની કામગીરી" માટે રસ ધરાવતી પાર્ટીઓ/ એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડર મંગાવવામાં આવે છે. અ.મ્યુ.કો.ની વેબસાઈટઃ www.ahmedabadcity.gov.in તથા https://tender.nprocure.com. પરથી ટેન્ડર ડાઉનલોડ કરવાના રહેશે તથા તેમાં જણાવ્યા મુજબથી પ્રક્રિયા નિયત સમયમર્યાદામાં અનુસરવાની રહેશે.

ડે.મ્યુનિસિપલ કમિશનર
(સી.એન.સી.ડી.)


# રાજકોટ ડિવિઝનમાં ડબલ ટ્રેકની કામગીરીને કારણે રેલ વ્યવહાર પ્રભાવિત થશે

રાજકોટ ડિવિઝનમાં આવેલ જામનગર-લાખાબાવલ સેક્શનમાં ડબલ ટ્રેકની કામગીરી માટે બ્લોક લેવામાં આવશે, જેના કારણે ૨૧ ફેબ્રુઆરીથી ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી રેલ વ્યવહાર પ્રભાવિત થશે. પ્રભાવિત થનારી ટ્રેનોની વિગત નીચે મુજબ છેઃ

આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનોઃ

૧) ૨૫-૦૨-૨૦૨૬ ના રોજ ભાવનગરથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૨૦૯ ભાવનગર–ઓખા એક્સપ્રેસ ને રાજકોટ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. આમ, આ ટ્રેન રાજકોટ-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨) ૨૫-૦૨-૨૦૨૬ ના રોજ મુંબઈ સેન્ટ્રલથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૨૨૯૪૫ મુંબઈ સેન્ટ્રલ–ઓખા સૌરાષ્ટ્ર મેલ ને રાજકોટ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. આમ, આ ટ્રેન રાજકોટ-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૩) ૨૪-૦૨-૨૦૨૬ ના રોજ શાલીમારથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૨૨૯૦૬ શાલીમાર–ઓખા એક્સપ્રેસ ને હાપા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. આમ, આ ટ્રેન હાપા-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૪) ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૨૧૦ ઓખા–ભાવનગર એક્સપ્રેસ રાજકોટ સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ (ઉપડશે) થશે. આમ, આ ટ્રેન ઓખા-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૫) ૨૬-૦૨-૨૦૨૬ ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૨૨૯૪૬ ઓખા–મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ રાજકોટ સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે. આમ, આ ટ્રેન ઓખા-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૬) ૨૪-૦૨-૨૦૨૬ ના રોજ તિરુનલવેલીથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૫૭૭ તિરુનલવેલી–જામનગર એક્સપ્રેસ ને હાપા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. આમ, આ ટ્રેન હાપા-જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

પરિવર્તિત માર્ગ પર ચાલનારી ટ્રેનોઃ

૧) ૨૬.૦૨.૨૦૨૬ ના રોજ પોરબંદરથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૨૯૦૫ પોરબંદર-શાલીમાર એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા જેતલસર-ભક્તિનગર થઈને ચલાવવામાં આવશે.

રિશેડ્યુલ (સમયમાં ફેરફાર) કરાયેલી ટ્રેનોઃ

૧) ૨૪.૦૨.૨૦૨૬ ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૨૧૦ ઓખા–ભાવનગર એક્સપ્રેસ ને ઓખા સ્ટેશનથી ૨ કલાક મોડી ઉપડવા માટે રિશેડ્યુલ કરવામાં આવી છે.

માર્ગમાં રેગ્યુલેટ (મોડી) થનારી ટ્રેનોઃ

૧) ૨૧, ૨૨ અને ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ટ્રેન સંખ્યા ૧૯૨૧૦ ઓખા–ભાવનગર એક્સપ્રેસ ને માર્ગમાં ૨૫ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

૨) ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ટ્રેન સંખ્યા ૧૨૪૭૮ શ્રી માતા વૈષ્ણોદેવી કટડા–જામનગર એક્સપ્રેસ ને માર્ગમાં ૩૦ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

૩) ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ટ્રેન સંખ્યા ૨૨૯૬૯ ઓખા–બનારસ એક્સપ્રેસ ને માર્ગમાં જરૂરિયાત મુજબ રેગ્યુલેટ કરવામાં આવશે.

રેલ મુસાફરોને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરી શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની જાણકારી માટે www. enquiry. indianrail.gov.in ની મુલાકાત લે જેથી કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય.

### ભાડા સાથે સ્થાઈ આવક કરનારાઓ ધ્વારા

# ઈન્ડસ્ટ્રીઅલ એરિયામાં ઊભી કરાતી બિલ્ડીંગોની ૧૦x૧૦ની રૂમોમાં નર્ક જેવી જીંદગી જીવતા કામદારો!!!

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત. સુરત શહેરના વિવિધ વિસ્તારો જેવા કે સચિન, સુડા, કનકપુર,કંસાડ, પાલીગામ, તલંગપોર, પલસાણા, કડોદરા, જોળવા, તાતીથૈયા જેવા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારો સહિત હજીરા, કીમ, પીપોદરા જેવી અલગ-અલગ જગ્યાઓ ઉપર મજૂર વર્ગો માટે બિલ્ડીંગોમાં 8x8 કે 10x10ની ઊભી કરાતી રૂમો જેમાં હવા ઉજાસ તો દૂરની વાત છે. પરંતુ શ્વાસ લેવો પણ ભારે પડે એવી એક એક રૂમોમાં ૫ થી ૭ વ્યક્તિઓ ભાડે રહેતી હોય છે. આ બિલ્ડીંગો ઊભી કરનારાઓની ઉપર ઉપરોકત વિસ્તારોના પદાધિકારીઓ અને અધિકારીઓની મીઠી નજર હોવાથી આડેધડ બિલ્ડીંગો ઊભી થઈ રહી છે અને મજૂર વર્ગનું આર્થિક શોષણ કરાઈ રહ્યું છે.

સદર બિલ્ડીંગો ઊભી કરનારા નાનો મોટો ધંધો કરીને પૈસા કમાઈને બાંધકામ અંગેની કોઈ જાણકારી કે અનુભવ નહીં લેવા છતાં આર્કીટેક કે સિવિલ એન્જિનિયરની સલાહ સૂચન કે બિલ્ડીંગના પ્લાન, નકશા મુકયા વગર આડેધડ આવી બિલ્ડીંગો ઊભી કરતાં હોય છે. જેમને બિલ્ડીંગમાં વપરાતા સિમેન્ટ, લોખંડની ગુણવત્તાનો કોઈ અનુભવ હોતો નથી. આમ 8x8 કે 10x10 ની રૂમોવાળી બિલ્ડીંગો જાણકે જેલની કોટડીઓ હોય એવો અનુભવ રૂમોમાં રહેતા ફેકટરીના કામદારોને થતો હોય છે. કારણકે ગરમીના સમયમાં આ રૂમોમાં રહેતા મજૂર કામદારોની હાલત ઘણી જ ખરાબ થઈ જતી હોય છે. એક તો ફેકટરીની ગરમીથી કંટાળેલો કામદાર થાક્યો પાક્યો ઘરે આવે તો અહીં રૂમોમાં હવા-ઉજાસ નહીં હોવાથી ઘણી બફારાની ગરમીથી પરેશાન થઈ પરસેવે રેબઝેબ થઈ જતો હોય છે. જે એમના સ્વાસ્થ્ય માટે જોખમ કારક બની જાય છે.

આવી બિલ્ડીંગો ઊભી કરનારાઓ ઉપરના ભાગમાં રૂમો બનાવી એની પાછી દુકાનો બનાવીને એમાં પોતે અથવા નજીકના સગાં-સંબંધીઓને દુકાનો ભાડે આપી એમાં અનાજ કરીયાણાની દુકાન બનાવે છે. અને આવા દુકાનો અન્ય કોઈને એમના ધંધા માટે ભાડે આપી એમાં પણ ભાડાની આવક કરતા હોય છે. હવે અનાજ કરીયાણાની દુકાન પણ બિલ્ડીંગ માલિકની અથવા પોતાના નજીક ના સગાં વહાલાઓની હોવાથી જ એમાં પણ એની જોહુકમી પણ કેવી કે એની રૂમોમાં રહેતા મજૂરોએ અન્ય દુકાનોએથી અનાજ કરીયાણા લેવા નહીં પોતાની દુકાનેથી જ લેવાની ભાડૂત મજૂરોને ફરજ પાડવામાં આવે છે. જેમાં વેપારી ધ્વારા મજૂર વર્ગનું આર્થિક શોષણ કરાતું હોય છે. જેમકે ભેળસેળીઓ માલ,જાણીતી બ્રાન્ડ જેવી કે સામ્પુ,ટુથપેસ્ટ, તેલ વિગેરે જેવી બ્રાન્ડેડ ચીજોના નામે લોકલસગર ની ડુપ્લિકેટ અને ઓછી ગુણવત્તા વાળી આઈટમો પધરાવી અસલી માલના પૈસા વસુલ કરાતા હોય છે. જે માટે મજૂરોની માસિક ડાયરી બનાવવામાં આવે છે. જેમાં લખાયેલી ખાદ્ય પદાર્થોની આઈટમો જેવીકે દાળ, ચોખા, કઠોળ તેમજ પ્રોવિઝનને લગતી દરેક આઈટમો તદ્દન હલ્કી કક્ષાની એટલેકે ઓછી ગુણવત્તા વાળી પધરાવીને બ્રાન્ડેડ નામે પૈસા વસૂલ કરવામાં આવે છે.

સદર ડાયરીનો માસિક હિસાબ થતાં પૈસા ચુકવતી વખતે મજૂરો ધ્વારા વધારે ભાવ કે વસ્તુની ગુણવત્તા અંગેનો કોઈ ભાવતાલ નહીં કરતા હોવાથી દુકાનદાર ધ્વારા ટોટલમાં પણ ગોબાચારી કરી ને ડાયરીમાં લખ્યા મુજબનું પેમેન્ટ દુકાનદારને કરી અને મજૂર રવાના થાય છે. જે માલ દુકાનદાર ધ્વારા વેચાણ આપવામાં આવ્યો હોય છે એ હલ્કી કક્ષાનો હોવાને કારણે મજૂરોના આરોગ્યને નુકશાન કર્તા સાથે હાનિકારક બને છે. જેનાથી એના સ્વાસ્થ્ય ને પણ અસર થતાં લાંબાગાળે મજૂરોમાં માંદગીનું પ્રમાણ વધતું જતું હોય છે. જે ચિંતાજનક બાબત છે. આ અંગે અનાજ-કરિયાણાની દુકાનોમાં વેચાતી પ્રોવિઝનલ આઈટમોનું આરોગ્ય ખાતા ધ્વારા તેમજ તોલમાપ ખાતા ધ્વારા વારંવાર ચેકિંગ થવું જરૂરી છે. છતાં એ અંગે સરકારી તંત્ર ઘોર નિંદ્રામાં છે.

સદર ઊભી કરાયેલી બિલ્ડીંગોમાં ૫૦ થી ૧૦૦ જેટલી રૂમો 8x8 કે 10x10 સાઈઝની બનાવેલી હોય છે અને આ રૂમો કેવી રીતે ઊભી થઈ રહી છે. એની પાછળનું કારણ કે આવી બિલ્ડીંગો ઊભી કરનારા શખ્સો ધ્વારા સુરત મ.ન.પા, સુડા, નગર પંચાયત કે પંચાયતોમાં ચૂંટાયેલા પદાધિકારીઓ અને સરકારી અધિકારીઓના વચેટીયાઓ ધ્વારા “વહીવટ” નો “વહેવાર” કરાતા આ ભ્રષ્ટ અધિકારીઓ અને પદાધિકારીઓના “પાપે” ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં ભાડા ખાઉઓ ધ્વારા આડેધડ બિલ્ડીંગો ઊભી કરાઈ મજૂરોના જાન ને જોખમ માં મૂકી રહ્યા છે.

આવી સ્થાઈ આવક અને ભાડું ખાવા ઊભી કરાતી બિલ્ડીંગોની આજદિન સુધી કોઈ અધિકારીઓ કે પદાધિકારીઓ એ રૂબરૂ મુલાકાત લઈને બિલ્ડીંગોની ગુણવત્તા અને હવા ઉજાસ અંગેની કોઈ ગંભીર પણે તપાસ કરાઈ નહીં હોવાથી પણ મજૂર વર્ગ બિચારો બાપડો બની નર્ક જેવી જીંદગી જીવવા મજબુર બની રહ્યો છે. રૂબરૂ મુલાકાતો નહીં લેવાનું કારણ આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર અધિકારીઓ કે પદાધિકારીઓને એમના મળતિયાઓ ધ્વારા પ્લોટ દીઠ એટલેકે એક પ્લોટ,બે પ્લોટ કે વધારે પ્લોટ ભેગા કરીને બનાવેલી બિલ્ડીંગો માટે નક્કી કરાયેલી રકમના બંધ કવરો બિલ્ડીંગ માલિકો તરફથી મળી જતાં હોવાથી સ્થળની સ્પોટ વિઝિટ કરવાનું અધિકારીઓ અને પદાધિકારીઓ ટાળે છે. સદર બિલ્ડીંગોમાં ભાડે અપાતી રૂમોમાં રહેતી વ્યક્તિઓની કોઈ ઊંડાણ પૂર્વકની તપાસ પણ બિલ્ડીંગ માલિકો ધ્વારા કરાતી નહીં હોવાથી થોડાક સમય પહેલા પલસાણા વિસ્તારમાં અસામાજિક તત્વો ધ્વારા M.D ડ્રગ્સ, નાર્કોટીકસ જેમાં ગાંજો, ચરસ,ભાંગ, અફીણ, દારૂ વિગેરે જેવા નશીલા પદાર્થો પકડાયા હતા. જે બિલ્ડીંગ માલિકોની બેદરકારી અને બેજવાબદારીનો નમૂનો છે. કારણકે બિલ્ડીંગ માલિકો ધ્વારા એ તપાસ નથી કરાતી કે રૂમ ભાડે લેનાર ક્યાં નોકરી કરે છે? એના ઓળખના પુરાવાઓ પણ અસલ છે કે નકલી? એના શું ગોરખધંધા છે? આવી કોઈ જીણવટભરી પણ તપાસ કર્યા વગર રૂમો ભાડે આપી દેવાય છે.

આમ આ સમગ્ર પ્રકરણમાં જેમ અધિકારીઓ અને પદાધિકારીઓ જેટલા જવાબદાર છે એનાથી વધુ જવાબદારી સ્થાનિક પોલીસ તંત્રની છે. કારણકે એણે પોતે માલિકો પાસેથી ભાડૂતોની માહિતી એકત્રીત કરી તપાસ કરવાની હોય છે. એને બદલે ભ્રષ્ટાચારથી ખદબદતું પોલીસ તંત્ર પોતાની જવાબદારીવાળા વિસ્તારોમાં આવી બિલ્ડીંગો હોય એવા બિલ્ડીંગ માલિકોને સ્થાનિક પોલીસ એમના મળતિયાઓ ધ્વારા હોળી,દિવાળી કે વાર-તહેવારે જેતે પોલીસ સ્ટેશનોમાં બોલાવી પોતાનો વહીવટ કરાવતા હોય છે. આ ખેલમાં કેટલાક અધિકારીઓ સારી રીતે નશીલા પદાર્થોના વેપલાને જાણતા હોવા છતાં આંખ આડા કાન કરીને પોતાનો ઉલ્લુ સિધો કરી લેતા હોવાને કારણે પણ ડ્રગ્સનો વેપાર ચાલતો રહેતો હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે આવી ઓછી ગુણવત્તાવાળી બિલ્ડીંગો ભૂતકાળમાં પણ ધરાસાઈ થઈ ને કેટલાય ના જાન-માલ ને નુકશાન કરેલ છે. ઉપરાંત આ રૂમોમાં રહેતા મજૂર કામદારો વચ્ચે કોઈ વાદ-વિવાદને લઈ તકરાર કે મારામારી માં કોઈનું મૃત્યુ થાય તો એને પણ આત્મહત્યામાં ખપાવી પૂરતી તપાસ નહીં કરીને મૃત્યુ પામનારના પરિવારને ડેથબોડી સુપ્રત કરી દેતા હોય છે. આનાથી વધુ શરમ જનક શું હોય શકે? આમ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતો મજૂર વર્ગ ભગવાન ભરોસે પોતાની જીંદગી વિતાવી પોતાનું અને પરિવારનું ભરણપોષણ કરતો હોય છે.

### AAP નેતા ઈસુદાન ગઢવીએ બજેટને વખોડ્યું

# બજેટ ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને ગરીબ વર્ગની વાસ્તવિક જરૂરિયાતોને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયું: ઈસુદાન ગઢવી

## ખેતી ખર્ચ, MSP અને મફત વીજળી મુદ્દે સરકારે કોઈ સ્પષ્ટ પ્રાવધાન કર્યું નથી: ઈસુદાન ગઢવી

અમદાવાદ/ગુજરાત

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા દ્વારા એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પત્રકાર પરિષદને સંબોધતા આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે આજે સરકાર દ્વારા રજૂ કરાયેલું બજેટ ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને ગરીબ વર્ગની વાસ્તવિક જરૂરિયાતોને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયું છે. ખેડૂતોને ખેતી ખર્ચ, સિંચાઈ માટે પૂરતું પાણી, યોગ્ય અને પૂરતી એમએસપી, દિવસ દરમિયાન મફત અથવા સસ્તી વીજળી અને ખાનગી બીજ-ખાતરની કંપનીઓથી રાહત જેવી મૂળભૂત જરૂરિયાતો છે. પરંતુ સરકારે ખેડૂતો માટે કોઈ સ્પષ્ટ અને અસરકારક પ્રાવધાન કર્યું નથી. સુજલામ સુફલામ યોજના હેઠળ ફક્ત રૂા.૧,૫૪૦ જેવી રકમ આપવામાં આવે છે, જે ખેડૂતો માટે અપર્યાપ્ત છે. કાયદા બનાવવામાં આવે છે, પરંતુ ખેડૂતોને વાસ્તવિક લાભ મળતો નથી. એક લાખથી વધુ નાગરિકો સરકારી રાશન પર નિર્ભર છે. રાશન વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર રોકવા માટે કોઈ મજબૂત પગલાં લેવાયા નથી. પંજાબ અને દિલ્હીમાં ઘર સુધી રાશનની ડિલિવરીની વ્યવસ્થા છે, પરંતુ ગુજરાતમાં આવી કોઈ વ્યવસ્થા નથી. યુવાનો અંગે તેમણે જણાવ્યું કે રાજ્યમાં અંદાજે ૫૦ લાખ બેરોજગાર યુવાનો છે. સરકારી ભરતી માટે પારદર્શક કેલેન્ડર જાહેર કરવામાં આવતું નથી અને ઘણી ભરતી આઉટસોર્સિંગ દ્વારા કરવામાં આવે છે. પરીક્ષાઓ મર્યાદિત જગ્યાઓ માટે લેવાય છે, જેના કારણે યુવાનો નિરાશા અનુભવે છે. રોજગારના અભાવે યુવાનો ખોટી દિશામાં વળી રહ્યા હોવાની ચિંતા ઈસુદાન ગઢવી દ્વારા વ્યક્ત કરવામાં આવી. AAP નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે ભાજપ બિહાર મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં મહિલાઓના ખાતામાં સીધી આર્થિક સહાય આપે છે, પરંતુ ગુજરાતની બેન-દીકરીઓ વર્ષોથી ભાજપને વોટ આપે છે પરંતુ ભાજપે એમને એક પૈસો પણ આપવાની યોજના જાહેર કરી નહીં. રાજસ્થાનમાં ૪૫૦ રૂપિયામાં ગેસ સિલિન્ડર આપવામાં આવે છે, પરંતુ ગુજરાતમાં નથી આપવામાં આવતો. આશાવર્કર અને આંગણવાડી બહેનોને યોગ્ય વેતન અને સુવિધાઓ મળતી નથી. મહિલાઓને મફત આરોગ્ય સેવા, શિક્ષણ અને અન્ય કલ્યાણકારી સુવિધાઓ અંગે કોઈ નવી જાહેરાત કરવામાં આવી નથી. સારી શાળાઓ, સારી હોસ્પિટલો અને મફત વીજળી જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં સરકાર નિષ્ફળ રહી છે. MSME માટે ૧૭૦૦ કરોડની જાહેરાત કરવામાં આવી, જ્યારે ગુજરાતમાં ૩૦ લાખથી વધુ MSME છે. નાના ઉદ્યોગો પાસેથી તો અધિકારીઓ વધારે હપ્તો લઈ લેતા હશે. MSME બંધ થાય એવા કામો સરકારે કર્યા છે. મધ્યમ વર્ગ ભાજપનો સૌથી મોટો મતદાર છે, પણ ભાજપે મધ્યમ વર્ગને શું આપ્યું?? પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર મફત વીજળી આપે છે જેથી લોકોને મોંઘવારીમાં રાહત મળે છે. પણ ગુજરાતમાં સરકારે આવું કશું કર્યું નથી કે જેનાથી મધ્યમ વર્ગને થોડી રાહત મળી. પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઘણા ખેડૂતોએ આત્મહત્યા કરી. એમએસપીની સંપૂર્ણ ખરીદી માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. પંજાબમાં ખેડૂતનો બધો પાક MSPથી ખરીદવામાં આવે છે અને MSPના ભાવથી નીચે પ્રાઈવેટ ખરીદારો પણ પાક ખરીદી શકતા નથી. ઈસુદાન ગઢવીએ આ બજેટને “કોપી-પેસ્ટ” બજેટ ગણાવી કહ્યું કે તેમાં થોડાક આંકડાકીય ફેરફારો સિવાય કોઈ નવી દિશા કે દ્રષ્ટિ દેખાતી નથી. આ બજેટથી ખેડૂતો, યુવાનો, મહિલાઓ, મજૂરો અને ગરીબ વર્ગમાં કોઈ નવી આશા જન્મી નથી. તેમણે દાવો કર્યો કે ગુજરાતની જનતા હવે જાગૃત થઈ ગઈ છે અને યોગ્ય વ્યવસ્થા ન થાય તો આવનારી ચૂંટણીઓમાં સરકારને તેનો જવાબ આપશે.



# શિક્ષણ માટે રૂ.૬૩૧૮૪ કરોડ ફાળવાયા: ફ્રી બસ પાસ અને સ્કોલરશીપ સહિત ૧૩ મોટી જાહેરાત કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયના નાણાંમંત્રી દ્વારા રજુ કરવામાં આવેલા બજેટમાં ૯૭૪ કરોડ રૂપીયાની પુરાંત ધરાવતા આ બજેટમાં માત્ર શિક્ષણ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે જ કુલ ૬૩૧૮૪ કરોડ રૂપીયાની માતબર રકમ ફાળવવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીઓ માટે બસ પાસ થી લઈને સ્કોલરશીપ સુધીની અનેક કલ્યાણકારી જાહેરાતો કરવામાં આવી છે. વિદ્યાર્થીઓના ડ્રોપ આઉપ રેશીયોને શુન્ય પર લાવવા અને સરકારી શાળાઓને હાઈટેક બનાવવા માટે બજેટમાં કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે.

(૧) રાજયની સરકારી અને પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના બિલ્ડીંગ અને અન્ય માળખાગત સુવિધાઓને આધુનિક બનાવવા માટે રૂપીયા ૩૦૫૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. (૨) કન્યા કેળવણીને પ્રોત્સાહન આપતી નમો લક્ષ્મી યોજનાના અસરકારક અમલીકરણ માટે રૂપીયા ૧૨૫૦ કરોડ ફાળવાયા જયારે રાઈટ ટુ એજયુકેશન (આરટીઈ) અંતર્ગત ખાનગી શાળાઓમાં ભણતા ગરીબ બાળકો માટે ૮૨૭ કરોડ રૂપીયાની જોગવાઈ કરાઈ (૩) શાળાઓમાં ભણતા બાળકોના શારીરિક સ્વાસ્થ્ય અને પોષણને ધ્યાનમાં રાખીને આ યોજના હેઠળ ૫૯૮ કરોડ રૂપીયા ખર્ચવામાં આવશે (૪) પીએમ પોષણ યોજના અંતર્ગત મધ્યાહન ભોજનને વધુ શુધ્ધ અને સાત્વિક બનાવવા માટે રાજયના ૭૪ તાલુકાઓમાં હાઈટેક અને સેન્ટ્રલાઈઝડ કિચન બનાવવામાં આવશે (૫) વિજ્ઞાન પ્રવાહ (સાયન્સ ના અભ્યાસ કરતા આશરે ૨ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ૨૫૦ કરોડ રૂપીયાની આર્થિક સહાય અપાશે (૬) ગરીબ અને તેજસ્વી તારલાઓ માટે કાર્યરત જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કુલસ ઓફ એકસલન્સ ના સંચાલન માટે ૨૨૩ કરોડ રૂપીયાની ફાળવણી કરવામાં આવી (૭) ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેરમાં અભ્યાસ માટે અપડાઉન કરતા અંદાજીત ૧૩ લાખ જેટલા વિદ્યાર્થીઓ માટે એસટી નિગમની બસોમાં મફત મુસાફરી (બસ પાસ ફ્રી કન્સેશન યોજના ) માટે ૨૨૩ કરોડ રૂપીયા ફાળવાયા (૮) રાજયની ૩૧૭૯૦ જેટલી શાળાઓમાં સ્વચ્છતા અને હાઈજીન જાળવવા માટે અપાતી ગ્રાન્ટ માં બમણો વધારો કરીને ૧૩૫ કરોડ રૂપીયા ફાળવવામાં આવ્યા છે (૯) ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં હવે એક જ કેમ્પસમાં બાલવાટીકાથી લઈને ધોરણ ૧૦ સુધીનુ સળંગ અને ગુણવત્તા યુકત શિક્ષણ મળી રહે તે માટે નવા બાંધકામો પાછળ ૧૨૦ રૂપીયા ખર્ચવામાં આવશે (૧૦) રાજયની પ્રાથમિક શાળાના અંદાજે પર લાખ થી પણ વધુ વિદ્યાર્થીઓને વિના મુલ્યે પાઠય પુસ્તકો પુરા પાડવા માટે ૧૧૯ કરોડ રૂપીયાની જોગવાઈ કરાઈ (૧૧) ઉચ્ચ શિક્ષણ મેળવતા ૧૮ લાખ જેટલા યુવા વિદ્યાર્થીઓને વિના મુલ્યે પુસ્તકો અને અન્ય શૈક્ષણિક સહાય માટે ૧૧૨ કરોડ રૂપીયાની ફાળવણી કરાઈ (૧૨) મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના હેઠળ રાજયના ૧ લાખ હોશિયાર વિદ્યાર્થીઓને મેરીટના આધારે સ્કોલરશીપ આપવા માટે ૧૦૦ કરોડ રૂપીયા નકકી કરાયા (૧૩) ધોરણ ૬ થી ૧૨ માં અભ્યાસ કરતી ૯.૭૨ લાખ વિદ્યાર્થીનીઓના આરોગ્યની જાળવણી માટે મફત સેનેટરી નેપકીન પુરા પાડવા માટે ૪૭ કરોડ રૂપીયા મંજુર કરવામાં આવ્યા



# કાળા પૈસાથી ખેતીની જમીનો ખરીદવાના કારણે ખેતીનો સટ્ટો ચાલુ થયો : ગોપાલ ઈટાલીયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વિધાનસભા સત્રના બીજા દિવસે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ વિધાનસભા ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે વિધાનસભા સત્રના બીજા દિવસે સૌરાષ્ટ્ર ઘર ખેડ ગણોત અધિનિયમમાં સુધારો કરતુ બીલ લાવવામાં આવ્યુ છે. આ બીલ ગૃહમાં પસાર થયુ અને આ બીલ ખુબ જ મહત્વનુ હતું.

મારા વિસાવદર વિસ્તારમાં ૯૦ ટકા લોકો ખેતી સાથે જોડાયેલા છે અને ખેતી કરતા લોકો સાથે અન્યાય ન થાય એ માટે આ બીલમાં મે એક સુધારો સુચવ્યો હતો. પહેલા કાયદા વિશે વાત કહુ તો આ કાયદો કહે છે કે ૧૯૪૮ થી નકકી થયુ છે કે બિન ખેડુત વ્યકિત ખેતીની જમીન ખરીદી શકતો નથી. પણ ગુજરાતમાં કેટલાક લોકોએ પોતાની બે નંબરની કાળી કમાણીને છુપાવવા માટે ખેડુત ન હોવા છતાં પણ ખોટી રીતે ખેડુત ખાતેદાર બનીને ખેતીની જમીનો ખરીદી છે અને આ રીતે કાળા પૈસાથી ખેતીની જમીનો ખરીદવાના કારણે ખેતીનો સટ્ટો ચાલુ થયો, ખેતીની જમીનમાંથી ખેડુતોનો હકક નિકળી જાય એ પ્રકારની કામગીરી આખા ગુજરાતમાં થઈ રહી છે. સરકારે આ બીલમાં એવુ જાહેર કર્યુ કે જે પણ બિનખેડુત વ્યકિત ખોટી રીતે જમીન ખરીદશે તો તેની પાસે જંત્રીના ૩ ઘણા રૂપીયા દંડ રૂપે વસુલવામાં આવશે, તો મે આ બીલમાં કેટલાક સુધારા જણાવ્યા, જો કોઈ વ્યકિત ખોટી રીતે ખેતીની જમીન ખરીદે છે તો દંડની સાથે સાથે ખોટા ખેડુતને અસલી ખેડુત બનાવનાર અધિકારી વિરૂધ્ધ પણ કાર્યવાહી થવી જોઈએ અને સજા થવા જોઈએ. દુ:ખની બાબત એ છે કે સરકારે મારો સુધારો માન્ય રાખ્યો નહી, કોઈપણ બિનખેડુત માણસ ત્યારે જ ખેડુત ખાતેદાર બની શકે જયારે એક સરકારી કર્મચારીની સહી થાય તો આ કામ કરવા માટે સરકારી માણસને સજા કેમ ન થાય ?




વધુમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ કે મે બીજો સુધારો જણાવ્યો કે તમે દંડ તો લઈ લેશો પરંતુ એ વ્યકિત જે ખેડુત નથી એને ભવિષ્યમાં પણ કયારેય પણ ખેડુત ખાતેદાર ન બનાવવામાં આવે એવો નિયમ બનાવવામાં આવે, તો આ રીતે મે વિરોધ પક્ષના નેતા તરીકે મારો વિરોધ નોધાવ્યો અને સુધારા જણાવ્યા પરંતુ દુ:ખ સાથે જણાવવુ પડે છે કે ગુજરાતમાં ખેડુત વિરોધી માનસિકતા ધરાવનાર બહુમતી ધરાવતી સરકારે ખેડુતોને નુકશાન થાય, ખેત મજુરો અને ગણોતીયાને નુકશાન થાય તેવુ બીલ બહુમતીના જોરે વિધાનસભામાં પાસ કર્યુ છે. તેના કારણે આવનારા સમયમાં કદાચ ગણોતીયાઓ અને ખેતી મજુરી કરનારા અને ખેતીની જમીન ધારણ કરનારા લોકોને ખુબ મોટી તકલીફ પડી શકે તેમ છે. ચાલુ સત્ર છે તો અમે આશા રાખીએ છીએ કે સરકારના મનમાં ખેડુતો પ્રત્યે કોઈ ભાવ જાગે તો બીજી વખત આવો એક સુધારા વિધેયક એક લઈ આવે અને આ ખોટા કામોની સજા કરતુ એક વિધેયક લઈને આવે.

# આરોગ્ય ક્ષેત્રે રૂ.૨૫૪૦૩ કરોડની માતબર ફાળવણી: મધ્યમવર્ગ માટે રૂ.૧૦ લાખ સુધીની મફત સારવાર

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના નાગરીકોની સુખાકારી અને પહેલુ સુખ તે જાતે નર્યા ની વિભાવનાને સાર્થક કરવા માટે ગુજરાત સરકારે ચાલુ નાણાંકીય વર્ષ ના બજેટમાં આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ માટે કુલ રૂપીયા ૨૫૪૦૩ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકાર દ્વારા રજુ કરવામાં આવેલા આ બજેટમાં છેવાડાના માનવી સુધી આધુનિક તબીબી સેવાઓ પહોંચાડવા માટે વિશેષ ભાર મુકવામાં આવ્યો છે.

ખાસ કરીને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને મુખ્યમંત્રી અમૃતમ્ (મા) યોજના હેઠળ ગરીબ અને મધ્યમ વર્ગના અંદાજે ૨ કરોડ ૭૨ લાખ લાભાર્થીઓને વાર્ષિક રૂપીયા ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર પુરી પાડવા માટે સરકારે રૂપીયા ૩૪૭૨ કરોડ ફાળવ્યા છે. જે રાજયના આરોગ્ય સુરક્ષા કવચને વધુ મજબુત બનાવશે.



રાજયમાં તબીબી શિક્ષણ અને માળખાગત સુવિધાઓના વિસ્તરણ માટે જીએમઈઆરએસ સંચાલીત મેડીકલ હોસ્પીટલો પાછળ રૂપીયા ૧૮૫૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે, જયારે સરકારી મેડીકલ કોલેજોમાં આધુનિક ઉપકરણો વસાવવા માટે રૂપીયા ૨૦૦ કરોડની અલગથી જોગવાઈ કરવામાં આવી છે. શહેરી વિસ્તારોમાં વધતા રોગોના ભારણને પહોચી વળવા અમદાવાદ અને સુરત ખાતે નવી મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલો તેમજ કેન્સર, કાર્ડિયાક ન્યુરો અને યુરો નેફરો જેવી સુપર સ્પેશ્યાલીસ્ટ સેવાઓ માટે રૂપીયા ૫૦૦ કરોડ ફાળવાયા છે. આ ઉપરાંત શ્રેષ્ઠ ગુજરાત પ્રોજેકટ હેઠળ બિન ચેપી રોગોના નિયંત્રણ માટે રૂપીયા ૫૦૨ કરોડ ખર્ચવાનુ આયોજન છે.

સ્પેશ્યાલીટી સંસ્થાઓના વિકેન્દ્રીકરણ પર ભાર મુકતા અમદાવાદની યુ એન મહેતા ઈન્સ્ટિટયુટ ઓફ કાર્ડિયોલોજી , કીડની હોસ્પીટલ અને કેન્સર ઈન્સ્ટિટયુટના સેટેલાઈટ સેન્ટરો સુરત, રાજકોટ, ભાવનગર, પોરબંદર અને ગોધરા જેવા શહેરોમાં વિકસાવવા માટે કુલ રૂપીયા ૫૦૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજકોટની પીડીયુ હોસ્પીટલને ૧ હજાર બેડની ક્ષમતા સાથે અપગ્રેડ કરવા રૂપીયા ૯૦ કરોડ અને ૬ સીવીલ હોસ્પીટલોમાં કલોઝ સિસ્ટમ આઈસીયુ માટે રૂપીયા ૬૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આરોગ્ય ક્ષેત્રે માનવ સંશાધન વિકાસ માટે સુરત અને વડોદરામાં સ્ટાફ કવાર્ટસ તથા હોસ્ટેલ નિર્માણ માટે અંદાજે રૂપીયા ૧૦૦ કરોડની જોગવાઈ છે.

માતૃ બાળ કલ્યાણ અને પાયાની સુવિધાઓ માટે સરકારે વલસાડ, ડાંગ અને નર્મદા જેવા અંતરીયાળ જિલ્લાઓના સામુહિક આરોગ્ય કેન્દ્રો માટે રૂપીયા ૨૮ કરોડ તેમજ ૨૫૦ નવી ખીલખીલાટ વાન ખરીદવા રૂપીયા ૧૬ કરોડ ફાળવ્યા છે. બાળકોના સ્વાસ્થ્ય માટે સ્કુલ હેલ્થ રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ ૦ થી ૧૮ વરસના બાળકોને હેલ્થ કાર્ડ આપવામાં આવશે. ટીબીના દર્દીઓના પોષણ માટે તૈયાર નાસ્તો આપવા અને નાના બાળકોની સંભાળ માટે હોમ બેઝડ કેર જેવી નવીન યોજનાઓ દ્વારા સરકાર સાર્વત્રિક આરોગ્ય સુરક્ષાના લક્ષ્ય તરફ આગળ વધી રહી છે.

# ખેડુતોએ તેમના સંપૂર્ણ દેવા માફીની જાહેરાત બજેટમાં થવી જોઈએ: બજેટ રજુ થાય તે પહેલા જ કોંગ્રેસનો પોસ્ટર વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં વર્ષ ૨૦૨૬-૨૭ નુ બજેટ રજુ થાય તે પહેલા જ રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભા બહાર પોસ્ટર પ્રદર્શન કરીને સરકાર સામે વિરોધ વ્યકત કર્યો હતો. બજેટ પહેલા કોંગ્રેસે પ્રજા લક્ષી મુદ્દાઓને પ્રાથમિકતા આપવા સરકારને અનુરોધ કર્યો હતો. પ્રજાના કરમાંથી બનતા બજેટમાં પ્રજાલક્ષી બાબતોને સ્થાન મળવુ જોઈએ. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ કહયુ હતુ કે પ્રજાના કર માં થી બનતા બજેટમાં પ્રજાલક્ષી બાબતોને સ્થાન




મળવુ જોઈએ. બજેટ માત્ર સરકારની વાહવાહી, મોટા ઉદ્યોગો કે રાજકીય એજન્ડા પુરતુ મર્યાદીત ન રહેવુ જોઈએ. તેમણે માંગણી કરી હતી કે ખેડુતોના સંપૂર્ણ દેવા માફીની જાહેરાત બજેટમાં થવી જોઈએ, સાથે જ રાજયમાં ખાલી પડેલા સરકારી પદો માટે ભરતીનુ કેલેન્ડર જાહેર કરવુ જોઈએ, કોંગ્રેસે પેન્શનમાં વધારો કરવાની પણ માંગ કરી હતી. અમિત ચાવડાએ વિધવા પેન્શન અને દિવ્યાંગ જુથો માટેની પેન્શનમાં વધારો કરવાની પણ માંગ કરી હતી. તેમણે અન્ય ભાજપ શાસિત રાજયોની જેમ ગુજરાતમાં બહેનોને ૫૦૦ રૂપીયામાં ગેસ બોટલ આપવાની તેમજ દર મહિને ૩ હજાર રૂપીયાની સહાય ભેટ આપવાની જાહેરાતની માંગ કરી હતી. મોટા ઉદ્યોગો કરતા નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપતી યોજનાઓ લાવવા અને કર્મચારીઓ માટે ઓપીએસ (જુની પેન્શન યોજના ) ને સમર્થન આપવાની વાત પણ તેમણે કરી હતી.

બજેટ પહેલા વચનો આપવામાં આવે છે. પરંતુ તેનો અમલ થતો નથી. તો બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે જણાવ્યુ હતુ કે છેલ્લા ૩૦ વરસથી રાજયમાં ભાજપનુ શાસન છે અને બજેટ પહેલા વચનો આપવામાં આવે છે , પરંતુ તેનો અમલ થતો નથી. તેમણે આશા વ્યકત કરી કે આ વખતે ગરીબ, મધ્યમવર્ગ અને ખેડુતોને વાસ્તવિક રાહત મળે, ખેડુતો દેવામાં ડુબી રહયા છે ત્યારે તેમને બજેટમાં ખાસ રાહત આપવામાં આવે તેવી અપેક્ષા વ્યકત કરવામાં આવી છે.